**પ્રકાંડવિદ્વાન્ શ્રીવેદાન્તદેશિકાચાર્ય વિરચિત 'ન્યાસવિંશતિ' ગ્રન્થના અન્તર્ગત ન્યાસાદેશ નામથી પ્રસિદ્ધ ૧૫મો શ્લોક જે ગીતાના 'સર્વધર્માન્ પરિત્યજ્ય' ના અર્થને જણાવનાર છે, તેનાં ઉપર-**

શ્રીમદ્વિઠ્ઠલેશ્વરપ્રભુચરણ વિરચિત

# 'ન્યાસાદેશ' વિવરણ

શ્રીપ્રભુચરણ વિરચિત 'ગીતાતાત્પર્ય' તથા 'ગીતાર્થ સંગ્રહ' સહિત

**(ગુજરાતીમાં અનુવાદ સહિત)**

**દ્રવ્ય સહાય કરનારા -**

શ્રીમતી સ્મિતાબેન કનૈયાલાલ શાહ
૩૨, દૌલત સોસાયટી, ઉત્કર્ષ વિદ્યાલય પાસે, વડોદરા.

**પ્રકાશક :**
**શ્રીવલ્લભ વિઠ્ઠલ પ્રકાશન ગ્રન્થ મંડળ ટ્રસ્ટ, વડોદરા.**

॥ श्रीहरिः ॥

श्रीमद्विट्ठलेश्वरप्रभुचरणविरचितं

# 'न्या[1]सादेश' विवरणम्

## 'न्यासादेशः'

**न्यासादेशेषु धर्मत्यजनवचनतोऽकिञ्चनाधिक्रियोक्ता**
**कार्पण्यं वाऽङ्गमुक्तं मदितरभजनापेक्षणं वा व्यपोढम् ।**
**दुःसाध्येच्छोद्यमौ वा क्वचिदुपशमितावन्यसम्मेलने वा**
**ब्रह्मास्त्रन्याय उक्तस्तदिह न विहतो धर्म आज्ञादिसिद्धः ॥१॥**

**अन्वयः** - **न्यासादेशेषु** - ત્યાગની આજ્ઞાઓમાં, **धर्मत्यजनवचनतः** - ધર્મ ત્યાગ કર-વચનથી, **क्वचित्** - ક્યાંક-કોઇક ઠેકાણે, **अकिञ्चनाधिक्रिया** - નિષ્કિંચનોનો અધિકાર, **उक्ता** - કહ્યો છે, **वा** - અથવા (અને), (કોઇ ઠેકાણે), **कार्पण्यम्** - દીનપણાને, **अङ्गम्** - અંગ, **उक्तम्** - કહ્યું છે, **वा** - અથવા (અને), **मदितरभजनापेक्षणम्** - મારા (ભગવાનના) સિવાય કોઇ પણ અન્યનું ભજન યા તેની અપેક્ષાનો, **व्यपोढम्** - નિષેધ કર્યો છે, **वा** - અથવા (અને), **दुःसाध्येच्छोद्यमौ** - દુઃસાધ્યની ઇચ્છા અને પ્રયત્નનું, **उपशमितौ** - ઉપશમન કર્યું છે, **वा** -

---

१. सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज ।
अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ॥
इत्यादिशरणागतिनिर्देशस्य विवरणरूपोऽयं ग्रन्थः ।

અથવા (અને), **अन्यसम्मेलने** - અન્ય-બીજા ધર્મોનો સંબન્ધ થવામાં, **ब्रह्मास्त्रन्यायः** - બ્રહ્માસ્ત્ર ન્યાય, **उक्तः** - કહ્યો છે, **तत् इह** - તેથી અહીં, **आज्ञादिसिद्धः** - વેદાદિ આજ્ઞા રૂપ શાસ્ત્રોથી સિદ્ધ, **धर्मः** - ધર્મ, **न विहतः** - નષ્ટ થયો નથી.

**અક્ષરાર્થ** :- સર્વત્યાગની આજ્ઞાઓમાં **ધર્મત્યાગ કરવાના** વચનોથી કોઇ ઠેકાણે અકિંચનપણાને શરણાગતિનો અધિકાર કહ્યો છે. ર 'ને કોઇ ઠેકાણે દીનપણાને શરણાગતિનું અંગ કહ્યું છે. અથવા મહારાથી બીજાનું ભજન અને અપેક્ષા રાખવાનો નિષેધ કર્યો છે. કિંવા દુઃસાધ્યકાર્યની **ઇચ્છા અને પ્રયત્નનું ઉપશમન** કર્યું છે. અથવા ધર્માન્તરનો સંબંધ થવામાં બ્રહ્માસ્ત્રન્યાય વર્ણવેલો છે. માટે **'सर्वधर्मान्'** આ ગીતાના શ્લોકમાં. વેદાદિ આજ્ઞાથી સિદ્ધ ધર્મ નષ્ટ ન થયો.

## । श्रीविट्ठलेशप्रभुचरणविरचितं न्यासादेश-विवरणम् ।

### अवतरणम्

**१) ननु सर्वधर्मत्यागो हि पुष्टिमार्गे ।** न तु मर्यादायाम् । पार्थे च तदुपदेशात्तन्मार्गीयत्वमिति भवत्यवधृतिः । धर्मत्यागे मर्यादामार्ग एव पापसम्भवेनात्र च तत्कथनेन **संशयोऽपि । स्वस्यैव पापमोचकत्वोक्त्या न मर्यादाऽपि । पुष्टस्यैवंविधशङ्काऽसम्भवेनात्र च तन्निषेधानुपपत्या** तत्सत्वनिश्चयेनापि **मर्यादा-मार्गीयत्वं ज्ञायते । किञ्च पुष्टिलीलायाः फलप्रकरणे स्वयं मर्यादामेव निरूपयन्** भक्तानामाग्रहेण **परं पुष्टिमङ्गीकृतवान् । इह तु तद्वैपरीत्यम् ।** अपरं च शरणमागते पापान्मोचनमुक्तम् ।

**न 'त्वह्यापृतं निशि शयानमतिश्रमेण लोके विकुण्ठ उपनेष्यति गोकुलं स्व'मितिवत् । द्रोणादीन्मारय पापेभ्योऽहं मोचयिष्यामीतिशरणगमनम् । तथा सति पापमोचनं च मर्यादैवेति तद्विरुद्धं धर्मत्यागकथनं नोपपद्यत इति विचारकान्तः- करणकलिलमपनयंस्तद्वाक्यतात्पर्यमेकेन श्लोकेनाऽऽह । 'न्यासादेशेषु धर्मत्यजनवचनत' इति ।**

**१)** શ્રીમદ્ ભગવદ્ગીતાના અઢારમા અધ્યાયના ૬૬ માં શ્લોકમાં **સર્વધર્મોનો** ત્યાગ કરીને **શરણે** આવવાની આજ્ઞા કરી છે. ત્યાં અનેક વિકલ્પો થાય છે, કે **સર્વ ધર્મોનો** ત્યાગ કરવો પુષ્ટિમાર્ગમાં છે. મર્યાદામાર્ગમાં નથી. અને અત્રે શ્રીકૃષ્ણે અર્જુનને સર્વધર્મત્યાગનો ઉપદેશ કીધો છે **માટે એમ** નિશ્ચય થાય છે કે અર્જુન પણ પુષ્ટિમાર્ગમાં અંગીકૃત હતો. **ધર્મનો** ત્યાગ કરવાથી મર્યાદામાર્ગમાં જ પાપ લાગવાનો ભય છે **અને** તે પાપભયની સંભાવના આ શ્લોકના ઉત્તર ભાગમાં કરી છે. માટે એમ પણ સંદેહ થાય છે કે અર્જુન મર્યાદામાર્ગીય ભકત હશે. પણ 'કૃતિની **અપેક્ષા નહીં** રાખી હું સ્વયં **તને** પાપથી છોડાવીશ' એમ કહ્યું છે તેથી સ્પષ્ટ પ્રતીત થાય છે કે અર્જુન મર્યાદામાર્ગીય નથી. પ્રભુના ઉપર પૂર્ણ વિશ્વાસ હોવાથી પુષ્ટિમાર્ગીય ભકતને કોઇ પ્રકારનો પણ શોક હોતો નથી પણ અત્રે **'मा शुचः' 'શોક મા કર,'** એમ શોક કરવાનો નિષેધ કર્યો છે માટે નિશ્ચય થાય છે કે અર્જુનને **શોક** હતો તેથી તેનું મર્યાદામાર્ગીયપણું નિશ્ચિત થાય છે. આવી રીતે જેમ અધિકારીમાં **અનેક સંદેહ** થાય છે તેમજ **અધિકાર** તથા પ્રભુના પ્રતિ પણ કેટલાક સંદેહો થાય છે. જેમકે પુષ્ટિલીલાના ફલપ્રકરણમાં (રાસપંચાધ્યાયીના પ્રારમ્ભમાં) **પ્રભુએ 'पतिशुश्रूषणं स्त्रीणाम्'** ઇત્યાદિ વચનો દ્વારા પ્રથમ મર્યાદાનો સ્વીકાર કર્યો પછી ભકતોના અત્યાગ્રહથી પુષ્ટિનો

અંગીકાર કર્યો, કિન્તુ ગીતામાં તો ભક્તને મર્યાદાનો આગ્રહ છે છતાં પણ પોતે '**सर्वधर्मान्**' ઇત્યાદિ વાક્યોથી પુષ્ટિનો ઉપદેશ કરે છે એમ વિપરીતતા દેખાય છે. શ્રીમદ્ભાગવતમાં તો '**દિવસમાં વ્યવહાર કાર્યમાં વ્યાકુલ અને રાત્રિમાં અતિશ્રમથી પ્રતિદિન ઊંઘી જતાં પોતાના ગોકુલને વૈકુંઠમાં લઇ જશે**' ઇત્યાદિ સ્થળોમાં સાધનરહિતોને પણ ફલ આપેલું છે. પણ અર્જુનને એમ આજ્ઞા કરે છે કે '**તું દ્રોણાદિકોને માર અને મ્હારા શરણે આવ તને હું પાપોથી છોડાવીશ.**' શરણે આવશે તો પાપોથી મુક્ત કરાવીશ એમ સ્પષ્ટ મર્યાદા આવી જાય છે. અને તેના વિરુદ્ધ સર્વધર્મોનું પરિહરણકથન યુક્ત નથી. એમ વિચાર કરનારના હૃદયમાં અનેક સન્દેહ ઉત્પન્ન થાય છે. તેને દૂર કરવાને માટે પૂર્વોક્ત '**न्यासादेशेषु**' ઇત્યાદિ શ્લોક કહે છે.

## (१) पुरःस्फूर्तिकव्याख्यानम्

२) अत्रायं भावः - **पार्थस्य पुष्टिमर्यादायामङ्गीकारो न तु पुष्टिपुष्टौ । शरणगमनं च पुष्टिमर्यादारूपम् । तेन धर्मत्यागः पुष्टचंशः** । शरणगमनात्मकसाधने सति रक्षा च मर्यादायाः । तेनोभयोर्भक्तिर्न विरुद्धा । **पुष्टिमर्यादायां केवलमर्यादामार्गीय-धर्मबाधो न दोषाय । तुरीयाश्रमे पूर्वाश्रमधर्मबाधकवत् । तत्र पूर्वस्यैव तस्य बाधो न तु गृहीताश्रमीणस्यापि । इह तु धर्ममात्रस्य पूर्वाश्रमीणतुल्यत्वमिति विशेषः** । शरणागत्यात्मक-वस्तुन एव तथात्वात् । तदाह - '**तदिह न विहतो धर्म आज्ञादिसिद्ध**' इति । यद्वा धर्मत्यागकथनेन धर्मो न विहतस्तत्र हेतुराज्ञादिसिद्ध इति । कुर्वित्याज्ञाविषयो यः स एव धर्म इत्यर्थः । तथा च तत्त्यागस्याप्यत्राज्ञाविषयत्वाद्धर्मत्वमेवेति

**भावः । लोके 'धर्मा उपदेष्टव्या' इत्याज्ञां प्राप्य मन्वादिभिरुक्तो धर्म आदिपदेनोच्यते । यद्वा आज्ञा पूर्वोक्ता आदिर्यस्य मन्वादिवाक्यस्येत्यर्थः । तेन कैमुतिकन्याय उक्तो भवति ।**

૨) આવી રીતે જ્યારે સંદેહ થાય ત્યારે એટલો જ આશય સમજવાનો છે કે શ્રીકૃષ્ણે અર્જુનનો અંગીકાર પુષ્ટિમર્યાદામાં કીધો છે. અર્થાત્ અર્જુન પુષ્ટિમર્યાદાનો અધિકારી છે. પુષ્ટિપુષ્ટિનો નહીં. અર્જુનનું જે શરણ જવું તે પુષ્ટિમર્યાદારૂપ છે. તેમાં સર્વધર્મોનો ત્યાગ કરવો પુષ્ટિનો અંશ છે. અને શરણે જવારૂપ સાધનનું આચરણ કરવાથી રક્ષા કરવી, તે મર્યાદાનો અંશ છે. તેથી બંને અંશની ભક્તિ વિરુદ્ધ નથી. અર્થાત્ પુષ્ટિ અને મર્યાદાના અંશવાળા અર્જુનની એવા પ્રકારની ભક્તિ કોઇ રીતે વિરુદ્ધ નથી. પુષ્ટિમિશ્રમર્યાદામાં કેવલ મર્યાદામાર્ગના ધર્મોનો ત્યાગ દૂષિત નથી. જેવી રીતે સંન્યાસાશ્રમમાં પ્રથમાશ્રમના (ગૃહસ્થાશ્રમના) ધર્મોનો ત્યાગ કરવામાં દૂષણ નથી. તેમજ પુષ્ટિમર્યાદામાં પણ કેવલમર્યાદાના ધર્મોનો ત્યાગ દૂષિત નથી. કેવલ મર્યાદામાર્ગમાં ગૃહસ્થાશ્રમોક્ત ધર્મોનો જ ત્યાગ કરાય છે. સંન્યાસાશ્રમના ધર્મોનો નહીં. અર્થાત્ સંન્યાસાશ્રમના ધર્મોનું પાલન તો કરાવાય જ છે. પણ પુષ્ટિમર્યાદામાં તો ધર્મમાત્રને પૂર્વાશ્રમીયધર્મોની સરખાઇ છે માટે તેનો પરિત્યાગ થાય છે. અત્રે કેવલ મર્યાદા કરતાં આટલું જ અધિક છે. શરણાગતિરૂપ પદાર્થ જ એવો છે કે ત્યાં સર્વધર્મોનો પરિત્યાગ કરીને જ શરણે જવાય. તે જ આશયથી અહીં કહ્યું છે કે **'तदिह न विहतो धर्म आज्ञादिसिद्धः'** અર્થાત્ **'તેથી સર્વધર્મોનો ત્યાગ કરતાં છતાં પણ ધર્મનો બાધ આવ્યો નથી કારણ કે તેવી આજ્ઞા છે.'** અથવા ધર્મત્યાગ કરતાં છતાં પણ ધર્મનો બાધ નથી થયો આ વાતમાં **'आज्ञादिसिद्धः'** આ

પદને હેતુ જાણવો. અર્થાત્ પ્રભુની આજ્ઞાનો જે વિષય હોય તે જ ધર્મ છે. અત્રે પ્રભુની આજ્ઞાનો વિષય, ધર્મોનો ત્યાગ છે. માટે તેને પણ ધર્મપણું છે. અત્રે એમ સમજવાનું છે કે ભગવદાજ્ઞાને ગ્રહણ કરીને ધર્મશાસ્ત્ર નિર્માણ કરનાર મનુ આદિના આજ્ઞાવિષયને, અથવા તો નિશ્વાસરૂપ વેદના આજ્ઞાવિષયને જ્યારે ધર્મપણું છે, તો પછી પ્રભુના સાક્ષાત્ આજ્ઞાવિષયને ધર્મપણું કેમ ન હોય ? હોયજ. તે આજ્ઞાનો વિષય અત્રે સર્વધર્મત્યાગ છે. માટે ધર્મત્યાગને પણ ભગવદાજ્ઞા સિદ્ધ હોવાથી ધર્મપણું છે. તેથી જ સર્વધર્મોનો પરિત્યાગ કરતાં છતાં પણ ધર્મનો બાધ ન થયો, **'आज्ञादिसिद्धः'** અત્રે આદિપદથી ભગવદાજ્ઞાથી ધર્મોપદેશ કરનાર મનુપ્રભૃતિઓએ કહેલ ધર્મનું ગ્રહણ કરવું. અથવા પૂર્વોક્ત અર્થાત્ ધર્મત્યાગ કરીને તું મહારે શરણે આવ ઇત્યાદિ આજ્ઞા છે આદિમાં જે મનુ આદિના તેથી સિદ્ધ, એવો અર્થ કરવો. અર્થાત્ પ્રભુ આજ્ઞાયુક્ત મનુપ્રભૃતિના વચનોથી સિદ્ધ જ્યારે ધર્મ છે તો પછી પ્રભુની આજ્ઞાસિદ્ધ જે તે ધર્મ એમાં શું કહેવું ? કિંવા વેદાજ્ઞા છે આદિમાં જેને એવો સ્મૃતિસિદ્ધ ધર્મ તે પણ નષ્ટ ન થયો, અર્થાત્ વેદ નિશ્વાસરૂપ છે અને મન્વાદિ પ્રભુના અંશાંશ છે પણ **'सर्वधर्मान्'** એ તો પ્રભુના ખાસ વચનામૃત છે. માટે સ્વમુખોક્તશબ્દ ધર્મત્યાગરૂપ ધર્મ હોવાથી કોઇનો બાધ આવતો નથી.

**३) तर्हि पापकथनमनुपपन्नमिति चेन्नानवबोधात् । तथाहि-(मूले) सर्वधर्मानित्यत्र सर्वपदेन शरणागतातिरिक्ता धर्मा उच्यन्ते । तथा यत्सम्बन्धिनो धर्मास्तत्सम्बन्धीन्येव तद्बाधजपापान्यपीति तेभ्यस्त्वां मोचयिष्यामि । प्रवाहन्यायेन तत्सम्भावनायामपि त्वयि तदनुत्पत्तिं करिष्यामीत्यर्थः । न तु त्वय्युत्पन्नेभ्य इति । एतत्कथनं तन्मार्गस्वरूपानभिज्ञत्वेन**

**स्वस्मिँस्तत्सम्भावनया शोचन्तं पार्थमाश्वासयितुम् ।**

૩) જ્યારે પ્રભુઆજ્ઞા સિદ્ધ હોવાથી સર્વધર્મોનો ત્યાગ કરતાં છતાં પણ ધર્મબાધ નથી થતો, તો પછી **'अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः' 'હું તને બધા પાપોથી છોડાવીશ શોક મા કર,'** આ ઉત્તરાર્ધમાં પાપનું કથન અયુક્ત થશે. કારણ કે જો ધર્મનો બાધ જ નથી થતો તો પછી 'તને પાપ લાગશે' 'અને હું છોડાવીશ' એ બંને વચન વ્યર્થ છે. અનુપયુક્ત છે. તેનો ઉત્તર આવી રીતે છે કે અર્જુનને ભગવન્માર્ગનું સ્વરૂપજ્ઞાન ન હતું માટે તેને સમજાવવા માત્ર તે પાપકથનાદિ વાક્ય છે. કહેવાનો આશય એમ છે કે મૂલમાં એટલે **'सर्वधर्मान्'** આ સમસ્ત પદમાં **सर्व** પદ વડે શરણગમનના સિવાયના ધર્મોનો ત્યાગ કરવાનો અર્થાત્ સૂચિત છે. ત્યારે જે સંબંધી ધર્મોનો બાધ થશે તે સંબંધી પાપોથી જ હે અર્જુન ! તને છોડાવીશ. અર્થાત્ યદ્યપિ મહારી આજ્ઞા પાલન કરવાથી તારામાં પાપ લાગવાની સંભાવના જ નથી. તથાપિ 'હું' ના અજ્ઞાનથી તારા સંભાવના કરેલા એટલે સ્વપ્નની પેઠે પ્રવાહન્યાયથી સ્વયં કલ્પના કરેલા પાપોની ઉત્પત્તિને પણ નહીં થવા દઇશ. તારામાં ઉત્પન્ન થયેલા પાપોથી છોડાવીશ એમ સમજવાનું નથી. કારણ કે ભગવદાજ્ઞા-પાલન કરનારને પાપોત્પત્તિની સંભાવના જ નથી. વાસ્તવમાં તો આટલું પણ કહેવું ભગવન્માર્ગ પદ્ધતીને નહી જાણીને શોક કરતા **પાર્થને** આશ્વાસન કરવા માત્રનું જ સમજવું.

૪) तर्हि **'मामेकं शरणंव्रजे'** त्येतावदेव वक्तुमुचितं शरणपदार्थस्यैव तद्रूपत्वादत आह **'न्यासादेशेषु धर्मत्यजवचनत'** इति । न्यासः संन्यासस्तदादेशेषु **'यदहरेव विरजेत्तदहरेव प्रव्रजेत्' 'तावत्कर्माणि कुर्वीत न निर्विद्येत**

**यावता'** इत्यादिषु । तत्र वैराग्यमेवाधिकारत्वेनोक्तम् । अत्राप्यैहिकपारलौकिकसाधनानां परस्परविरोधात्सम्यक्कर्तुमशक्यत्त्वाच्च स्वेष्टासाधनत्वज्ञानेन तेषु विरागे जाते भगवति च कर्तुमकर्तुमन्यथाकर्तुं समर्थत्वेन ज्ञाते सति शरणगमनं भवतीतीदमप्यस्मिन्नंशे संन्यासरूपमेवेत्यत्रापि तदुक्तिः। तस्य पूर्वाङ्गत्वात्तेन विना तदसम्भवाच्च । एवं सति **'न विहतो धर्म'** इत्यत्रायं हेतुरित्यपि ज्ञेयम् । **'वचनत'** इति भावप्रधानो निर्देशः । तथा च तत्सजातीयत्वात्तत्र यथा न धर्मविहतस्तथात्रापीत्यर्थः । एतेन सर्वधर्मा अस्य परधर्मा इति सूचितम् ।

४) અહીં આશંકા ઉત્પન્ન થાય છે કે તો પછી **'मामेकं शरणं व्रज'** આટલું જ કહેવાથી શરણોપદેશ થઇ શકતો હતો, 'સર્વ ધર્મોને છોડીને શરણે જા' એમ શું કરવા કહ્યું. તેના ઉત્તરમાં કહે છે કે **'न्यासादेशेषु धर्मत्यजनवचनतः'** અર્થાત્ **'જે દિવસે વૈરાગ્ય થાય તે દિવસે જ ગૃહાદિપરિત્યાગપૂર્વક ગમન કરે' 'જ્યાંસુધી વૈરાગ્ય નહીં થાય ત્યાં સુધી ગાર્હસ્થ્યાદિ કર્મોનું આચરણ કરે'** ઇત્યાદિ ન્યાસ એટલે સંન્યાસની આજ્ઞાઓમાં વૈરાગ્યને જ અધિકારપણાએ કહ્યું છે. અર્થાત્ સંન્યાસ લેવામાં વૈરાગ્યવાન જ ત્રૈવર્ણિક અધિકારી છે એમ વેદ આદિ શાસ્ત્રોની આજ્ઞા છે. શરણમાર્ગમાં પણ આ લોકના અને પરલોકના સાધનોનો પરસ્પર વિરોધ હોવાથી તે યથોક્ત રીતીથી કરી શકાતા નથી. માટે મહારા ઇચ્છિત પુરુષાર્થને અપાવી શકતા નથી. એમ જ્ઞાન થવાથી જ્યારે તે ઐહિક પારલૌકિક સાધનોમાં વૈરાગ્ય થાય તથા મહારા પ્રભુ કર્તું અકર્તું અન્યથાકર્તું સમર્થ છે એમ પ્રભુના સામર્થ્યનું ભાન થઇ જાય ત્યારે તે પુરુષ શરણે જવાનો અધિકારી થાય છે. તેવો વૈરાગ્ય

અને તેવું જ્ઞાન એ બન્ને શરણાંશમાં સંન્યાસરૂપ જ છે. માટે **'सर्वधर्मान् परित्यज्य'** એ ભગવદુક્તિ સાર્થક છે. અને તે કહેવાની પૂર્વોક્ત રીતે આવશ્યકતા છે જ . જેમ સંન્યાસનું પૂર્વાશ્રમધર્મપરિત્યાગ અંગ છે. તેમ સર્વધર્મોનો પરિત્યાગ પણ શરણગમનનું અંગ છે. અને તેથી જ પૂર્વાંગ વિના શરણગમનની સાંગસિદ્ધિ થતી નથી. ધર્મપરિત્યાગ કરતાં છતાં પણ ધર્મનો બાધ થયો નથી તેમાં એક આ પણ હેતુ સમજવો. અર્થાત્ જેમ સંન્યાસાશ્રમમાં પૂર્વાશ્રમધર્મોનો પરિત્યાગ પણ હાનિકારક નથી. **'वचनतः'** આ પદમાં **'वचनत्वात्'** એવો ભાવપ્રધાન નિર્દેશ સમજવો. તેથી એમ પણ સમજવાનું છે કે શરણગમનને સંન્યાસ સામ્ય હોવાથી જેમ ત્યાં ધર્મબાધ નથી તેમ અત્રે પણ ધર્મનાશ નથી જ. તેથી એમ પણ સૂચન થાય છે કે શરણગામીના માટે બધા ધર્મો પારકાધર્મો છે.

**५) ननु पार्थ ऐहिकपारलौकिकधर्मत्यागाभावादेवमुपदेशस्य फलं न पश्याम इत्यरुच्या पक्षान्तरमाह । 'अकिञ्चनाधिक्रियोक्ते'ति । येषां, 'प्रवृत्तिनिवृत्त्योर्भगवदधीनत्वमेवेति, यत्किञ्चित्कुर्वन्ति तद्भगवानेव करोतीति' तदतिरिक्तं न किञ्चनास्ति तेऽकिञ्चनास्तेषामेव शरणागतावधिकार इति ज्ञापनायाकिञ्चनत्वमेव सर्वधर्मत्यागरूपमुक्तवानित्यर्थः । एवं सति द्रोणादिमारणवद्राज्यभोगतत्त्यागावपीति ज्ञापितम् ।**

૫) આ પક્ષમાં એવી અરુચિ થાય છે કે અર્જુને હજુ સુધી ઐહિક પારલૌકિક કામના આદિનો પરિત્યાગ કર્યો નથી માટે તેને 'સર્વધર્મનો પરિત્યાગ કરીને મહારે શરણે જા' એવી આજ્ઞાનું ફલ દેખાતું નથી. આ અરુચિને દૂર કરવાને માટે બીજો પક્ષ કહે છે કે - **શરણાગતિમાં અકિંચનનો** અધિકાર છે. જે

ભગવદીયોની યત્કિંચિત્કાર્યમાં પણ પ્રવૃત્તિ અથવા તો તેથી નિવૃત્તિ થવું પ્રભુના આધીન છે માટે, અને તે જે કરે છે તે સર્વ પ્રભુ જ કરે છે માટે પણ, જે ભક્તોને પ્રભુના સિવાય કંઇ હોતું નથી તે અકિંચન કહેવાય છે. અને તેને જ **શરણે** જવાનો અધિકાર છે. એ વાત અર્જુનને જણાવવા સારુ જ અકિંચનત્વરૂપ સર્વધર્મત્યાગનો ઉપદેશ કર્યો છે. તેથી એમ પણ **સૂચન** થાય છે કે અર્જુન ! તને અકિંચન થવા માટે દ્રોણાદિ મારણની પેઠે રાજ્યના ભોગનો ત્યાગ પણ કર્તવ્ય છે.

**६) ननु भगवदीयस्य स्वतोऽन्यत्र प्रवृत्तिरेव न । प्रवृत्तौ वा न फल सिद्धिः । 'त्रैवर्गिकायासविघात'मितिवाक्यात् । तथा सति स्वयमेव सर्वतो निवृत्तो भविष्यतीति किमर्थं कथनमित्या-शंक्य तात्पर्यान्तरमाह -'कार्पण्यं वाङ्मुक्त'मिति । सर्व-साधनराहित्यस्फूर्त्याऽऽत्मनि दीनत्वं स्फुरति नान्यथा । तच्च शरणगतावङ्गम् । अन्यथा कदाचिद्भगवद्बलेनैवौद्धत्त्ये कृते शरणागतिर्भज्यते । तेन दीनत्वमेव धर्मत्यागकथनेनोक्त-मित्यर्थः । यद्वा 'कृपणः सतु विज्ञेयो योऽनालोचितयाचक' इति वाक्यात्तथात्वं वक्तुं सर्वधर्मत्याग उक्तः । तथाहि - क्व ब्रह्मश्रुत्यादिदुरापचरणरेणुरीश्वरः क्वाऽहं तुच्छो जीव इत्युभय-धर्मस्फूर्तौ शरणागतिरेव न सम्भवतीति स्वधर्मभगवन्माहात्म्य-रूपधर्मानपि त्यक्त्वेत्युक्तमित्यर्थः । अत्र त्यक्त्वाऽविचार्येत्यर्थो ज्ञेयः । अत एवाङ्गमित्युक्तम् । अस्मिन्पक्षे साक्षाद्भगवतः शरणत्वे यत्प्रतिबन्धकं तत्सर्वं पापशब्देनोच्यते । आधिभौतिकादि-त्रयसत्वात्तद्बहुत्वम् ।**

૬) પુનઃ એક પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે, ભગવદીયને સ્વતઃ અન્યત્ર ધર્મ આદિમાં પ્રવૃત્તિ થતી નથી. અને કદાચિત્

પ્રવાહન્યાયથી પ્રવૃત્તિ થાય તો ફલસિદ્ધિ નથી થતી. ભાગવતના ષષ્ઠ સ્કન્ધમાં વૃત્રાસુરે કહ્યું છે કે **'હે શક્ર ! અમારો સ્વામી પોતાના દાસોના ધર્મ અર્થ કામ આ ત્રિવર્ગ સમ્બન્ધી આયાસને દૂર કરે છે'** એટલે ભગવદીયોને ભગવદનુગ્રહથી ધર્માર્થકામાદિમાં સ્વતઃ પ્રવૃત્તિ થતી નથી. તો પછી અર્જુન સ્વયં ધર્માદિમાં પ્રવૃત્ત નહીં થશે તેના માટે ઉપદેશની દરકાર નથી. અને તેવો ઉપદેશ પ્રભુએ કેમ કર્યો. તે આશંકાને દૂર કરવા સારુ બીજો પક્ષ આદરે છે. **'कार्पण्यं वाङ्गमुक्तम्'** અર્થાત્ શરણાગતિમાં દીનતા તે અંગ કથિત છે. દરેક પુરુષના પાસે જ્યારે કોઇ સાધન રહેતું નથી ત્યારે તેના મનમાં દીનતાનું સ્ફુરણ થાય છે. પણ જ્યાંસુધી સાધનોનો અભાવ ન થાય ત્યાં સુધી દીનતા આવતી નથી. તે દીનતા શરણગમનનું અંગ છે. કારણ કે જો કદાચિત્ દીનતા ન હોય, અને ભગવદનુગ્રહબળના જોરથી ઉદ્ધતપણું અથવા અભિમાનિતા મનમાં આવી જાય તો શરણાગતિનો જ ભંગ થઇ જાય. અર્થાત્ જેનામાં દીનતા નથી પ્રભુ તેની શરણાગતિનો સ્વીકાર કરતા નથી. અથવા તો તેની શરણાગતિ અંગ વિનાની વિકલ કહેવાય છે. અર્જુનને પણ તેવું દીનત્વ થાય તે આશયથી પ્રભુએ સર્વધર્મોનો પરિત્યાગ કરવાનો ઉપદેશ કર્યો છે તે યુક્ત છે. અથવા તો **'જે અણસમજથી માંગે તે દીન કહેવાય છે.'** આ વચનના અનુસારે તેને દીનત્વ થવા માટે સર્વધર્મત્યાગનો ઉપદેશ કર્યો છે. અર્થાત્ - સ્વયંભૂ, વેદ, અને મહેશ આદિને પણ દુર્લભ છે ચરણરેણુ જેની એવા સમર્થ પ્રભુ ક્યાં ? અને તુચ્છ જીવ હું ક્યાં ? આવી રીતે જો કદાચિત્ પોતાની અધમતા અને પ્રભુની ઉત્તમોત્તમતાનું સ્ફુરણ થાય તો કોઇ પણ શરણે જઇ શકે જ નહીં અને શરણગમનનો માર્ગ બંધ પડી જાય. તેથી પ્રભુએ કહ્યું કે **'હે અર્જુન ! તું પોતાના અને મહારા ધર્મોનો**

**વિચાર નહીં કરીને મહારે શરણે જા'** આ પક્ષમાં **'परित्यज्य'** નો નહીં વિચારીને અર્થ કરવો. અર્થાત્ **'હે અર્જુન ! તું તારા અને મહારા ધર્મોનો વિચાર નહીં કરીને મહારે શરણે જા'** એમ અર્થ સમજવો. તેથી જ તેને શરણગમનનું અંગ કહ્યું છે. **'सर्वधर्मान्'** શ્લોકના પૂર્વાર્દ્ધનો આવી રીતે અર્થ કરવાથી, ઉત્તરાર્દ્ધ એટલે **'अहं त्वा'** ઇત્યાદિનો અર્થ એમ સમજવાનો છે કે સાક્ષાત્ ભગવાનને શરણે જવામાં જેટલા પ્રતિબંધક છે તે સર્વે અત્રે પાપશબ્દથી કહ્યાં છે. આધિભૌતિકાદિ ત્રિવિધ ભેદથી પાપ ઘણાં થાય છે. માટે **'पापेभ्यः'** બહુવચન કહ્યું છે. અર્થાત્ 'હે અર્જુન ! મહારે શરણે આવતા સમયે જેટલા પ્રતિબંધો આવશે તે બધાથી હું તને બચાવીશ.

૭) ननु संसाराद्भीतस्यार्तस्य पूर्वोक्तधर्मज्ञानं शरणागतौ न प्रतिबन्धकं, प्रत्युत महत्त्वज्ञानं साधकमित्यरुच्या तात्पर्यान्तरमाह- **'मदितरभजनापेक्षणं वा व्यपोढ'** मिति। महत्यशक्य एवार्थे हरिः शरणम्। स्वशक्येऽप्यर्थे भगवति भारः किमर्थं देय इत्याशंकानिरासार्थं **'सर्वधर्मान्परित्यज्ये'** त्युक्तम्। सर्वान्भगवदतिरिक्तान्धर्माञ्चोदनालक्षणान् तत्तद्देवता-भजनरूपान्। लौकिकापेक्षात्यागः **'परि'**शब्दार्थः। तथा च मदितरश्च भजनं चापेक्षणं च तेषां समाहारस्तथा। एवं सति सुशक्येऽत्यशक्ये चार्थे हरिरेव शरणमिति ज्ञेयमित्यर्थः। अन्यथा शरणपदार्थाभाव इतिभावः। यद्वा अहं चेतरश्च मदितरौ तयोर्यथाक्रमं भजनमपेक्षणं चेत्यर्थः। शरणमार्गे भगवद्भजन-स्यानपेक्षणात्तथात्वम्। अस्मिन्पक्षे सर्वधर्मपदेन भगवद्धर्मा अप्युच्यन्ते। भगवद्वाक्यव्याख्यानत्वेन मच्छब्दप्रयोगः। तदिति वा।

૭) યદ્યપિ પોતાની તથા પ્રભુની અવસ્થાના જ્ઞાનથી શરણાગતિનો ભંગ થઇ શકે છે. તથાપિ સંસારથી ભીત તથા દુખિયા પુરુષને ભગવન્માહાત્મ્યનું જ્ઞાન શરણાગતિમાં પ્રતિબંધક નથી. કિન્તુ પ્રત્યુત તેનું સાધક થશે તેથી **'सर्वधर्मान् परित्यज्य'** એમ કહેવું યુક્ત નથી. આવી શંકાને દૂર કરવા માટે તાત્પર્યાન્તર કહે છે. અર્થાત્ **'सर्वधर्मान्'** વાક્યનો અન્ય અર્થ છે, એમ કહે છે. **'मदितरभजनापेक्षणम्'** 'મ્હારાથી બીજાનું ભજન વા અપેક્ષા રાખવું દૂર કીધું છે.' કેટલાક એમ કહે છે કે મહોટા અને અશક્ય પ્રયોજન માટે જ પ્રભુને શરણે જવું. પોતાથી બની શકે એવા અથવા તો સામાન્ય પ્રયોજન માટે પ્રભુના ઉપર ભાર શું કરવા મૂકવો. તે પક્ષ અત્રે નહીં સમજવો તેના માટે **'સર્વધર્મોનો પરિત્યાગ કર'** એમ કહ્યું છે. અર્થાત્ મહારાથી બીજો પુરુષ, તેનું ભજન, અને તેની અપેક્ષા રાખવી એ ત્રણેનો પરિત્યાગ કરવો. નિજથી અનાયાસથી થઇ શકે એવા અથવા તો નહીં થઇ શકે એવા પ્રયોજનમાં શ્રીહરિનો જ આશ્રય રાખવો. અન્યનો આશ્રય નહીં કરવો. તેના માટે જ **'सर्वधर्मान् परित्यज्य'** એમ ઉપદેશ કીધો છે. 'આ પક્ષમાં **'सर्वे च धर्माश्च'** એમ સમાસ કરવો. જો કોઇ સમયે કોઇ પ્રયોજનના માટે પણ અન્યનો આશ્રય કરે તો શરણાગતિનો બાધ થાય છે. અથવા હું અને અન્ય તે બંનેના ભજન અને અપેક્ષણનો પરિત્યાગ કરવો. શરણમાર્ગમાં ભગવદ્ભજનની પણ અપેક્ષા નથી. માર્જારીસુત[૧] ભક્તિમાં જેમ ભક્ત પ્રભુભજનાદિનો પરિત્યાગ કરે છે. અને પ્રભુ સ્વયં તેનો ઉદ્ધાર કરે છે, તેમ અત્રે પણ મહારું ભજન તથા અપેક્ષણ બંનેનો

---

૧. આવી ભક્તિમાં કાલક્ષેપ તરીકે ભગવદ્ધર્મોનું આચરણ કરવામાં આવે છે.

ત્યાગ કર. આ પક્ષમાં સર્વધર્મપદથી ભગવદ્ધર્મનું પણ ગ્રહણ થાય છે. અર્થાત્ જેમ બીજાઓના ધર્મોનો ત્યાગ કરવો તેમ ભગવદ્ધર્મનો પણ પરિત્યાગ કરવો. '**મદિતર** ઇત્યાદિ પદમાં ભગવદ્‌વાક્યની અપેક્ષાથી 'मत्' શબ્દનો પ્રયોગ અત્ર કીધો છે. તેથી '**तदितरभजनापेक्षणं वा व्यपोढम्**' એવો પદપ્રયોગ ફેરવી લેવો.

૮) ननु पापाभावार्थमेव शरणागतिकथनं चेत्तदा प्रायश्चित्तादिनैव तत्सम्भवे पुरुषार्थरूपशरणगमनोपदेशोऽयुक्त इत्यरुच्या तात्पर्यान्तरमाहुः -'**दुःसाध्येच्छोद्यमौ वा क्वचिदुपशमितौ**' इति । भगवदङ्गीकारानन्तरं पापसम्भावनैव न । कदाचित्तत्सम्भवे प्राचीनप्रारब्धस्य न प्रायश्चित्तादिना निवृत्तिः । किन्तु भगवतैव । एवं सति '**तरतिब्रह्महत्यां योऽश्वमेधेन यजत**' इत्यादि-श्रुतिरेतद्भिन्नेति ज्ञेयम् । तथा चाश्वमेधादिना तन्निवृत्तिर्दुःसाध्या । तत्रेच्छोद्यमयोरुपशमनार्थं धर्मत्याग उक्त इत्यर्थः । अस्मिन्पक्षे 'सर्वेषां धर्मानित्यर्थो' ज्ञेयः । इदं च महदैश्वर्यं यदल्पेऽर्थे बहुदानम् । अस्य भगवदीयत्वेनासाधारण्यादन्यतो दोषनिवृत्तावेतन्मार्गाप्रवेशे च न कदाचित्तन्निवृत्तिर्भवेदित्यन्यथाऽनुपपत्तिरेव शरणकथने बीजम् । तेनैतस्य दानमेव । न कथनमात्रम् । तर्हि पूर्वोक्तेच्छोद्यमासम्भवात्तत्कथनमनुपपन्नमित्याशंक्य पाक्षिकोऽपि दोषः परिहरणीय इति न्यायेन तत्परिहार इति ज्ञापनाय क्वचिदित्युक्तम् । तथाच तौ क्वचित्सम्भवत इति पूर्वेण सम्बन्धः ।

૮) અત્રે એવી અરુચિ થાય છે કે જો પાપ દૂર કરવા સારુ જ શરણાગતિનો ઉપદેશ હોય તો તે ઉપદેશ વ્યર્થ છે. કારણ કે શરણાગતિના સિવાય પ્રાયશ્ચિત્તાદિ કરવાથી પણ પાપ દૂર થઇ

શક છે તો પછી શરણાગતિનો જ ઉપદેશ શું કરવા કર્યો. તે અરુચિને દૂર કરવા માટે અન્ય પક્ષ કહે છે - **'दुःसाध्येच्छोद्यमौ वा क्वचिदुपशमितौ'** અર્થાત્ - **'દુઃસાધ્યમાં ઇચ્છા અને તેનો ઉદ્યમ આ બન્નેનો ઉપશમ કીધો છે'**. જે દિવસથી પ્રભુએ અંગીકાર કર્યો તે દિવસથી પાપની સંભાવના જ નથી. અને જો કદાચિત્ પૂર્વપ્રારબ્ધ અપરાધ હોય તો તે પ્રારબ્ધની નિવૃત્તિ પ્રાયશ્ચિત્તાદિકથી થતી નથી કિન્તુ **પ્રભુના અનુગ્રહથી જ થાય** છે. અર્થાત્ પ્રભુ પોતે જ તે પ્રારબ્ધનો નાશ કરી શકે છે. આ સિદ્ધાંતમાં **'જે અશ્વમેઘ યજ્ઞ કરે છે તે બ્રહ્મહત્યાને તરે છે'** ઇત્યાદિ શ્રુતિવાક્યો અન્ય અધિકારીઓના માટે સમજવાં. આવી રીતે અલ્પપ્રયોજન પ્રાપ્ત છતાં જીવની દુઃસાદ્ય ઇચ્છા અને દુઃસાધ્યનો ઉદ્યમ દૂર કરીદેવો એ પ્રભુનું મ્હોટું ઐશ્વર્ય છે. અર્જુન સાધારણ જીવ નથી કિન્તુ ભગવદીય છે. માટે તેના દોષોની નિવૃત્તિ અન્યથી થઇ શકે તેમ નથી અને જો તે ભગવન્માર્ગમાં પ્રવેશ પણ ન કરે તો પછી કોઇ રીતે પણ દોષનિવૃત્તિ નહી થાય. તે અગવડથી જ પ્રભુએ તેને **શરણ** જવાનો **આદેશ** કર્યો. તેથી **'તુ મહોરે શરણે જા'** એમ કથનમાત્ર નહિં કિન્તુ પ્રભુએ અર્જુનેને પોતાના શરણનું દાન આપ્યું એમજ સમજવાનું છે. તો પછી ભગવદીય હોવાથી તેની દુઃસાધ્યમાં ઇચ્છા અને તેમાં પ્રવૃત્તિ બંને સંભવતી નથી તેથી તેનું કથન વ્યર્થ થશે એમ આશંકા ન થાય તેના માટે પાક્ષિકદોષનો પણ પરિહાર કરતાં કહે છે કે **'क्वचित्'** - અર્થાત્ એવું ક્વચિત્ બને છે. **અત્રે એમ સમજવાનું** છે કે **'क्वचित् दुःसाध्येच्छोद्यमौ उपशमितौ'** કોઇક વખતે ભગવદીયને પણ ભ્રમાદિથી અથવા સંગાદિથી દુઃસાદ્ય **યજ્ઞા**દિકાર્યમાં ઇચ્છા અથવા તેમાં પ્રવૃત્તિ થાય તો તે સમયમાં તેની તે ઇચ્છા અને ઉદ્યમને દૂર કરવાને માટે **'सर्वधर्मान् परित्यज्य'** એ ઉપદેશ છે.

९) तथापि लोकसंग्रहार्थं धर्मकरणमुचितमित्याशंक्य तात्पर्यान्तरमाह-**'अन्यसम्मेलने वा ब्रह्मास्त्रन्याय उक्त'** इति । अयं न्यायो हनुमति प्रसिद्धः । तथा च धर्मान्तरसम्बन्धे शरणपदार्थो गच्छतीति तद्रक्षार्थमेव धर्मत्याग उक्त इत्यर्थः । **एक**पदमप्यत एव । अन्यथा **मामि**त्यनेनैवैकत्वप्राप्तेरिदं व्यर्थं स्यात् । तदर्थस्तु देशकालापेक्षारहितमिति । अतो न विहतो धर्म इत्यादि पूर्ववत् ।

૯) યદ્યપિ અન્યાશ્રય થાય તે માટે સર્વધર્મોનો પરિત્યાગ કરવો જોઇએ તથાપિ **'लोकसंग्रहमेवापि संपश्यन्कर्तुमर्हसि'** ઇત્યાદિ વચનોના અનુસારે લોક મર્યાદાના રક્ષણના માટે તો અવશ્ય ધર્મનું આચરણ કરવું જોઇએ ? **તે શંકાને દૂર કરવા** માટે બીજા તાત્પર્યનું અવતરણ કરે છે - **'वा अन्यसम्मेलने ब्रह्मास्त्रन्याय उक्तः'** - 'અથવા અન્યાશ્રય નહીં થવાના વિષયમાં બ્રહ્માસ્ત્રનો ન્યાય આપ્યો છે. આ ન્યાય હનુમાનમાં પ્રસિદ્ધ છે. અર્થાત્-શ્રીમદ્રામાયણના સુન્દરકાંડમાં શ્રીપુરુષોત્તમના એકાન્તદાસ શ્રીહનુમાનજી જ્યારે પોતાના પ્રભુની આજ્ઞાથી શ્રીજનકનંદિની ની ખબર કાઢવા લંકાપુરીમાં ગયા. અને ત્યાં જ્યારે મેઘનાદે હનુમાનના ઉપર બ્રહ્માસ્ત્ર ચલાવ્યું ત્યારે શ્રીહનુમાનજીએ કહ્યું છે કે યદ્યપિ 'સ્તુતિ કરવાથી આ બ્રહ્માસ્ત્રથી હું બચી શકું છું તોપણ હું શ્રીરામનો એકાંતદાસ અન્યનો આશ્રય કરી શકતો નથી.' એમ કહીને બ્રહ્માસ્ત્રથી બન્ધનને સ્વીકાર્યું. પણ તે બ્રહ્માસ્ત્રથી બંધાયાં છતાં રાક્ષસો બીજા દોરડાઓથી પણ બાંધવા લાગ્યા ત્યારે તે બ્રહ્માસ્ત્ર જતું રહ્યું તેજ અત્રે સમજવું. અર્થાત્ - જો અર્જુનને અન્યધર્મોનો સંબંધ થશે તો શરણાગતિનો ભંગ થશે. તેથી અન્યધર્મોનો ત્યાગ કરાવવો જોઇએ. એમ સમજીને પ્રભુએ અર્જુનને સર્વધર્મોનો ત્યાગ

કરવાનો ઉપદેશ કર્યો. તેથી જ **'मां एकम्'** આ ઠેકાણે **'एक'** પદનો પ્રયોગ કીધો છે. તેનું પણ તાત્પર્ય તે જ છે કે અન્યનો આશ્રય નહીં કરીને મહારે શરણે જા. જો એમ કહેવાનું ન હોત તો **'माम्'** એતાવન્માત્ર કહેવાથી જ એકત્વનો લાભ કહી શકત. અને એમ હોતાં **'एकम्'** પદ વ્યર્થ થઇ જાત. તેમ છતાં પણ જે **'एकम्'** પદ કહ્યું તેથી એમ માલુમ પડે છે કે અન્યાશ્રય નહીં કરવાથી જ શરણાગતિ સાંગ થાય છે. **'माम्'** પદનો એ અર્થ છે કે દેશકાલની અપેક્ષાથી રહિત. અર્થાત્ ધર્માદિકને દેશકાલની અપેક્ષા રહે છે અને મને (પુરુષોત્તમને) તેની અપેક્ષા રહેતી નથી. માટે **'તું મહારે શરણે જા'**. ધર્મનો પરિત્યાગ કરીને પણ ધર્મીનો આશ્રય લેવાથી ધર્મનો બાધ પણ ન થયો તે **'माम्'** પદનું સ્વારસ્ય છે.

## (૨) मुख्यतात्पर्यम्

१०) पुरःस्फूर्तिकोऽयमर्थो वस्तुतस्त्वन्यत्रैव तात्पर्यम्। **तथा ह्यत्र स्वात्मभावे तात्पर्यम्। धर्मत्यागकथनेन धर्मो न विहत इत्यत्र हेतुरुच्यते न्यासे त्यादि । मक्तिमार्गीयन्यासो घोषभूषणसीमन्तिनीष्वेवेति पितृचरणैः संन्यासप्रकरणे निरूपितम्।** तथा च न्यासस्य आदेशः कथनम्। **'सन्त्यज्य सर्वविषयानि'**त्यादि। **'कास्त्र्यङ्ग त'** इत्यादि। **'किंकरीणामि'** ति च। नहि कैंकर्ये पूर्वसिद्धो धर्मस्तिष्ठति। **'पतिसुतान्वय-भ्रातृबान्धवानि'**ति। '**एवं मदर्थोज्झितलोकवेदस्वानामि**'ति च। एवं सति तत्त्यागवचनं पूर्वसिद्धमित्येतदपि **तत्सजातीय-मित्यर्थः।** भावप्रधानत्वमत्रापि। तथा च **सर्वधर्मान्परित्यज्य मां धर्मिणं शरणं व्रजेत्यर्थः।**

૧૦) આ અનુપદોક્ત અર્થ **'आपाततः'** (ઉપરથી દેખાતો) જણાતો છે. કિન્તુ વાસ્તવમાં તો શ્રીભગવાનનું તાત્પર્ય અન્યત્ર

જ છે. **'सर्वधर्मान् परित्यज्य'** આ શ્લોક પુષ્ટિમાર્ગીય સર્વાત્મભાવયુક્ત અધિકારીઓને માટે છે. આ સ્થળે ધર્મ ત્યાગ કર એમ કહેવાથી ધર્મ ભંગ થયો નથી તેમાં હેતુ જણાવે છે **'न्यासादेशेषु'** વગેરે વાકયથી. ભક્તિમાર્ગીય સંન્યાસ આહીરપત્નીઓમાં જ સિદ્ધ થયો છે એમ શ્રીઆચાર્યચરણે સંન્યાસનિર્ણયમાં પ્રતિપાદન કર્યું છે. (અર્થાત્-**પ્રિયવિરહાવસ્થામાં** વિશ્વને પ્રભુમય જોવાથી નિજમનોરથાનુકૂલ તે તે શ્રૃંગારભાવોના આસ્વાદન કરતા શ્રીવ્રજવધૂઓના જેવા જ અધિકારનો આ શ્લોક વર્ણન કરે છે **સર્વાત્મભાવ થતાં**. પદાર્થમાત્રને પ્રભુરૂપતા હોવાથી અને તેઓમાં પ્રગાઢભાવ હોવાથી સર્વધર્મોનો ત્યાગ કરતાં છતાં **પણ ધર્મબાધ થતો** નથી. સર્વાત્મભાવ બે પ્રકારનો હોય છે. એક મર્યાદામાર્ગીય અને બીજો પુષ્ટીમાર્ગીય. સર્વાત્મભાવ પ્રભુ વિરહભાવના ઉત્પન્ન થવાથી થાય છે. અને તે વિરહભાવ લૌકિક વૈદિક ધર્મોના ત્યાગ કરવાથી થાય છે. સંન્યાસનિર્ણય પ્રકરણમાં શ્રીમદ્વલ્લભાચાર્યચરણશ્રીએ કહ્યું છે કે પ્રભુના વિરહનો અનુભવ થવા માટે સર્વ ત્યાગ કરવો જોઇએ. કેવળ સંન્યાસ ગ્રહણ કરવાથી કલિયુગમાં પશ્ચાત્તાપ માત્ર થાય છે.) અને **(૧) 'હે પ્રભો ! અમે સર્વ પદાર્થોનો પરિત્યાગ કરીને તારે શરણે આવ્યા છીએ'** **(૨) 'હે પ્રિય ! આ પૃથ્વી ઉપર** આવી કોણ સ્ત્રી છે કે **જે તમારા મધુર મૂર્છનાયુકત** વેણુનાદને **સાંભળી આર્યચરિતથી ચલાયમાન ન થાય'** (૩) **'અમે તમારા દાસ છીએ અમારા મસ્તક ઉપર હસ્તને મૂકો.'** અત્રે પ્રથમ વાકયમાં વૈદિકધર્મોનો ત્યાગ, બીજામાં લૌકિકધર્મોનો ત્યાગ અને ત્રીજામાં ધર્મત્યાગ કરવાનું કારણ કહ્યું છે. અર્થાત્-એવા પ્રકારના દાસ્યભાવમાં લોકવેદસિદ્ધધર્મોનું પરિપાલન થઇ શકતું નથી.

તેમજ **'અમે પતિસુત વંશ ભ્રાતા સુહૃદ્વર્ગ આદિનો પરિત્યાગ કરીને આવ્યા છીયે' મહારા માટે તે ગોપીજનોએ લોક વેદ અને સ્વીય પદાર્થોનો પરિત્યાગ કીધો હતો'** ઇત્યાદિ વચનોથી પણ માલુમ પડે છે કે શ્રીગોપીજનોએ ભગવત્કૈંકર્ય હોવાથી સર્વધર્મોનો ત્યાગ કર્યો. માટે ભગવદ્દાસ્યમાં દાસ્યના સિવાય બીજા ધર્મોનું પાલન થઇ શકે તેમ નથી. વચનની ભાવપ્રધાનતા અહીં પણ જાણવી તેથી એમ સિદ્ધ થયું કે **'સર્વધર્મોનો ત્યાગ કરીને ધર્મી મહારે શરણ જા'**

૧૧) **कर्मज्ञानभक्तिमार्गा हि मोक्षान्ता भगवद्धर्मपर्यवसाना एव न तु धर्मिपर्यवसानाः । त्रिष्वपि विहितत्वेनैव करणमिति भगवद्धर्मरूपाज्ञापरत्वमेवेति तथा । सर्वात्मभावस्य केवलधर्मिपर्यवसानात्म एव भाव उपदिष्टो भवति । किं च अकिञ्चनेत्यादि - 'तदर्थविनिवर्तितसर्वकामा' 'तन्मनस्का-स्तदालापा' इत्यादि । एतादृशा अकिञ्चना येषां क्षणविलम्बोऽपि सोढुं न शक्यः । अन्यथा प्रातरायास्यत्येवेति किमर्थमेतावान्प्रयासः स्यात् । तथा च स्वविवेकधैर्यत्याग उक्तो भवति । सर्वात्मभावयुक्तस्यैतत्त्यागः सहज इति नोपदेशार्ह इत्यधिकार एव तेनोक्तः । तेन भावोत्पत्तेः पूर्वमेव तत्त्यागो भवतीति सूचितम् । अधिकारस्य तथात्वात् ।**

૧૧) કર્મમાર્ગ, જ્ઞાનમાર્ગ અને ભક્તિમાર્ગ ત્રણે **મોક્ષપર્યન્તના** સાધન છે. માટે ધર્મીને પ્રાપ્ત **કરાવનારા નથી** કિન્તુ કેવલ મોક્ષરૂપ ભગવદ્ધર્મસુધી પ્રાપ્તિ કરાવનાર છે. **અક્ષરપ્રાપ્તિરૂપ મોક્ષ** તે હરિનો ધર્મ છે. શ્રીહરિ સ્વયં ધર્મી છે. **કર્મ, જ્ઞાન**, અને ભક્તિ ત્રણે વિધિના અધીન છે. વિધિ અથવા

તો વેદાદિની આજ્ઞા પણ શ્રીહરિનો ધર્મ છે. માટે જ ત્રણે માર્ગો વિધિના પરવશ હોવાથી ધર્મપર્યવસાન છે. કિન્તુ ધર્મી શ્રીહરિ સુધી પહોંચનાર નથી. અને સર્વાત્મભાવ તો પ્રભુપ્રાપ્તિ કરાવનાર છે, માટે ધર્મિપર્યવસાન છે. તેટલા જ માટે પ્રભુએ અર્જુનને કહ્યું છે કે **'સર્વધર્મોનો પરિત્યાગ કરીને મહારે (ધર્મીને) શરણે જા'**. વળી પૂર્વમાં સામાન્ય **અર્થમાં** જે કહી આવ્યા તે અકિંચનાધિકાર, સર્વાત્મભાવયુક્ત શ્રીગોપીજનોમાં યુક્ત થાય છે. **'શ્રીહરિના માટે સર્વ કામનાઓનો ત્યાગ કર્યો' 'શ્રીહરિને વિષે મનવાળાં તથા નિરંતર પ્રભુના ગુણોનું ગાન કરનારાં'** ઇત્યાદિ સમાધિભાષાના વચનોથી જણાય છે કે શ્રીવ્રજસીમન્તિનીજનો અકિંચન હતાં. '**પ્રભુના માટે** સર્વ લૌકિક-વૈદિક સાધનોને છોડીને કેવલ પ્રિયસંગ**મૈક**કામ હતાં. તેથી દૈન્યભાવનાયુક્ત હતાં. અકિંચન હોવાથી જ એમને પ્રભુનો ક્ષણવિરહ પણ અસહ્ય હતો. જો કદાચિત્ તે અકિંચન નહીં હતાં અથવા નિસ્સાધન નહીં હતાં તો 'પ્રભુ પ્રતિદિન મળે છે, એક દિવસ સંગમ ન થયો તેથી શું થયું, **'પ્રાતઃ પુનઃ આવશે'** એમ સમજીને પ્રભુના મળવા માટે અતિશય પ્રયાસ નહીં કરતા. તેથી એમ જણાય છે કે ભગવદીયોનો ધર્મ, વિવેકધૈર્યઆદિનો પણ તેઓએ ત્યાગ **કર્યો હતો**. **સર્વાત્મભાવવાળા** ભક્તોને ધર્મોનો ત્યાગ સહજ થાય **છે માટે જ 'સર્વધર્માન્'** ઇત્યાદિ શ્લોકમાં પ્રભુએ સર્વધર્મત્યાગ**નો અકિંચન**રૂપ અધિકાર રાખ્યો છે. અર્થાત્ શરણાગતિમાં **અકિંચન** અધિકારી છે, અને અહીં પણ **'अकिञ्चनाधिक्रियोक्ता'** વાક્યથી તેજ અર્થનું સ્ફોરણ કીધું છે. તેથી એમ પણ જણાય છે કે **પ્રભુમાં** ભાવ થવાનાં પહેલાં જ અકિંચનાધિકાર થવા માટે સર્વધર્મત્યાગ અપેક્ષિત છે. કારણ કે અધિકારના પૂર્વમાં તેવા ત્યાગની અપેક્ષા હોય છે.

१२) **तत्रापि क्लेशो भगवत्तिरोधानजन्यः श्रूयत इति कथं निस्तार इत्याशंकानिरासार्थं - 'कार्पण्यं वाङ्मुक्तम्'।** एतच्च, सर्वसाधनवैफल्ये, **'रुरुदुः सुस्वरं राजन्कृष्णदर्शनलालसा'** इत्यत्रोक्तं दैन्यम् । तेन न क्लेशो भावीति भावः । भावे वा पुरुषार्थरूपत्वात्क्लेशस्य न काचिन्न्यूनतापीत्याह**'मदितरे'** ति। **इतरस्मिन्भजनमितरभजनम्।** तथा **च यथाहं** भजामि तथा स्वाम्यपि भजत्वित्यपेक्षा तथा कृतेत्य**र्थः ।** तदुक्तं **'नाहं तु सख्य' इत्यादिना।**

૧૨) અત્રે એમ પ્રશ્ન થ.ચ છે કે **'અકિંચન** થવામાં કિંવા સર્વધર્મત્યાગપૂર્વક શરણાગતિમાં પણ પ્રભુના પ્રગટ નહીં થવાથી દુઃખ તો રહ્યું જ'. તેના ઉત્તરમાં કહિયે છીએ કે તો પછી શરણાગતિમાં ધર્મત્યાગને દૈન્યરૂપ અંગ સમજવું. કાર્પણ્ય એટલે દીનતા અને અંગ એટલે ઉપકારક. અર્થાત્ - સર્વધર્મત્યાગરૂપ દીનતા રાખવાથી ફલમાં ઉપકાર **થશે. ફલપ્રકરણમાં** કહ્યું છે કે જ્યારે **અન્વેષણ, અનુકરણાદિ સર્વસાધનોથી પણ પ્રભુ પ્રગટ** ન થયા ત્યારે તે સર્વધર્મોનો પરિત્યાગ કરીને પ્રભુ**દર્શન**ની અત્યુત્કંઠાથી શ્રીવ્રજભક્તોએ વિલાપ કર્યો. આવું દૈન્ય અહીં પણ લેવું. અંગરૂપ સર્વધર્મત્યાગ કરવાથી દૈન્ય થશે અને દીનતા થવાથી જ ફલરૂપ પ્રભુનો પ્રાદુર્ભાવ થશે અને તેના પ્રાદુર્ભાવ થવાથી સર્વ ક્લેશોનો નાશ થશે. વાસ્તવમાં તો ક્લેશ હોય તો પણ કંઇ હાનિ નથી. કારણ કે તે ભગવદ્વિરહરૂપ ક્લેશ તો મુક્ત લોકોને પણ વાંચ્છિત છે માટે પુરુષાર્થરૂપ છે તેથી કોઇ જાતની ન્યૂનતા નથી. આ વાત **'मदितर'** ઇત્યાદિ પક્ષાન્તરથી કહે છે. અર્થાત્-હું જેમ પ્રભુનું ભજન કરું છું તેમ પ્રભુ પણ ફલદાન દ્વારા મ્હારું ભજન કરે ઇત્યાદિ અપેક્ષા ન રાખવી. તેથી જ પ્રભુએ પણ કહ્યું છે કે **'હે પ્રિયાઓ મ્હારા ભક્તોનું પ્રત્યક્ષ ભજન સદા**

**નથી કરતો કારણ કે કૃતાર્થ હોવાથી તેમની વૃત્તિ ચ્યુત થઇ જાય.'**

१३) यद्वा **'सर्वधर्मा'**नितिस्वामिविशेषणम्। एवं सति तान् परित्यज्य शरणभूतं मां व्रज प्राप्नुहीत्यर्थः। सर्वात्मभाववत्स्वेव ह्यानन्ददानार्थं ब्रह्मधर्मानप्यात्मारामत्वादीन्भगवांस्त्यक्तवानिति। तथा च मम एतादृशभक्तमपहायान्यभजनापेक्षणं तथेत्यर्थः। न चैतादृशो भावः साधनैर्भवितुं शक्नोतीति साधनैरिमं भावं साधयिष्यामीतीच्छोद्यमौ तथा। साक्षात्स्वरूपसम्बधिनां स्वरूपत एव जातेऽप्याधुनिकानां साधनैर्भविष्यतीतिशंकाभावाय **'क्वचिदि'** त्युक्तम्। किञ्चैतद्भावयुक्तस्यान्यमेलनमपि न। यथेतरमेलने ब्रह्मास्त्रगमनं तथैतद्भावे सति नान्यमेलनमित्यर्थः। **अस्मिन्नपि स्वामिविशेषणं** ज्ञेयम्। तस्मा**'द्भर्तुः शुश्रूषणं स्त्रीणा'**मित्याज्ञा सिद्धो न तथेत्यर्थः। तस्य मर्यादात्वात्त्यागस्य च पुष्टिरूपत्वादिति भाव इति हृदयम्।

૧૩) અથવા **'सर्वधर्मान्'** આ પદને સ્વામીના સાથે લગાડવું. અર્થાત્ **'તું મ્હારા (ભગવાનના) પણ ધર્મોનો ત્યાગ કરીને મ્હારે શરણે આવ'** આવો અર્થ કરવો. જેઓને સર્વાત્મભાવ થયો છે તેવા સર્વોત્કૃષ્ટ ભક્તોને આનન્દ આપવા સારુ જ ભગવાન પોતે પોતાના આત્મારામ આપ્તકામ આદિ ધર્મોને છોડીને તેમનું અનુસરણ કરે છે. તો હવે આ અર્થ થયો **'હું પણ એવા ભક્તોને મૂકીને અન્યનું ભજન કે અપેક્ષ કરતો નથી'** અર્થાત્ તેમના સાથે અનેક જાતની ક્રીડા કરે છે પ્રભુ પણ જેમની ઇચ્છાના અનુસાર ક્રીડા કરવા લાગે એવા ભક્ત થવું અને તેવો પ્રભુમાં ભાવ થવો સાધનોને શક્ય નથી. કિન્

કેવલ પ્રભુના અનુગ્રહથી જ આ ઉત્કૃષ્ટ દશા પ્રાપ્ત થાય છે. તો પણ જો કોઇ એમ ધારે કે હું સાધનોથી આવી અવસ્થાને પ્રાપ્ત કરીશ તેવાઓની શંકાને પણ દૂર કરવા સારુ કહે છે કે **'આ વાત દુ:ખથી પણ પ્રાપ્ત કરી શકાય નહીં માટે તેવી ઇચ્છા કરવી નહીં અને તે વિષયમાં ઉદ્યોગ પણ કરવો નહીં'** કેવલ મ્હારો આશ્રય લેવો. આ પક્ષમાં 'હે અર્જુન ! સાધન-અશક્ય વિષયમાં ઇચ્છા-ઉદ્યમાદિ ધર્મોને છોડીને તું મ્હારો આશ્રય લે' આ અર્થ સમજવો. અહીં એમ શંકા થાય છે કે યદ્યપિ અવતારદશામાં જેને સ્વરૂપસંબંધ હતો તેને સાધનોથી નહીં કિન્તુ સ્વરૂપબળથી તે ભાવ પ્રાપ્ત હતો. પણ હમણાં જેને તેવો સંબંધ નથી તો તેને સાધનો દ્વારા જ તે ભાવની પ્રાપ્તિ થઇ શકે? તો તેના ઉત્તરમાં **'क्वचित्'** એ પદ સમજવું. અર્થાત્ તેવા ભક્તોને પણ જ્યારે સ્વરૂપબળથી પણ તેવો ભાવ ક્વચિત્ જ મળ્યો છે સર્વદા નહીં. તો પછી સાધનોના બળથી તો ક્યાંથી મળે. સર્વાત્મભાવવાળા ભક્તને પણ અન્યના સાથે સમ્બન્ધ રાખવો યુક્ત નથી. આ વાત **'अन्यसम्मेलने वा'** આ પક્ષાંતરથી કહી છે. શ્રીહનુમાનને ઇન્દ્રજીતે બ્રહ્માસ્ત્રથી બાંધ્યા કિન્તુ હનુમાને વિચાર્યું કે યદ્યપિ પ્રાર્થના કરવાથી બ્રહ્માસ્ત્ર શાન્ત થઇ શકે છે છતાં પણ હું શ્રીરામનો દાસ હોઇ શ્રીરામથી અલગ બીજાને પ્રાર્થના કરવી ઠીક નહીં. તેથી તેમણે પ્રાર્થના કરી નહીં અને બંધનની દશામાં ઉભા રહ્યા, પરંતુ રાક્ષસો દોરડા વગેરેથી બાંધવા લાગ્યા ત્યારે બ્રહ્માસ્ત્રે હનુમાનને છોડી દીધા, તેમ અહીં પણ સમજવું. અર્થાત્ તેવો ભક્ત યદિ પ્રભુથી ઇતરના સાથે પણ સંબંધ રાખે તો ભગવદ્ભાવ તેનો સંબંધ છોડી દે છે, આવી રીતે સર્વાત્મભાવના રહેતાં બીજાનો મેળ થઇ શકતો નથી. તેથી સર્વધર્મો (અન્યાશ્રય) ત્યાગ કરીને એક મહારે શરણે આવ.'

આ અર્થમાં પણ **'सर्वधर्मान्'** આ પદ સ્વામીનું વિશેષણ કરવું. તેથી જ **'भर्तुःशुश्रूषणं स्त्रीणाम्'** ઇત્યાદિ ભગવદાજ્ઞાસિદ્ધધર્મનો પણ **'सर्वधर्मान्परित्यज्य'** આ કહેવાથી બાધ ન થયો. કારણ કે પતિની સેવા કરવી આ મર્યાદાનો ધર્મ છે. અને અનુગ્રહ થયા બાદ સર્વાત્મભાવવાળા ભક્તોને તો સર્વધર્મોનો પરિત્યાગ કરવો એ જ ધર્મ છે. તે ધર્મ મર્યાદારૂપ છે અને આ ધર્મ પુષ્ટિ (અનુગ્રહ) રૂપ છે માટે અધિકારતા ભિન્ન હોવાથી અનુગ્રહમાર્ગમાં મર્યાદાધર્મનો ત્યાગ કરવાથી બાધ નથી.

**१४) ननु पार्थस्यै तद्भावानुत्पत्तेरयमुपदेशार्थ इति कथमवधार्यत इति चेत्। उच्यते। भगवान्शास्त्रार्थं प्रतिपादयति। तत्र यथाधिकारो बोध इति दिक्। अस्मिन्पक्षे भगवदतिरिक्तस्य भगवद्भावप्रतिबन्धकत्वेनानिष्टत्वात्सर्वस्यैव पापरूपत्वम्। तथा च तेभ्यस्तथा करिष्यामीत्यर्थः। एतेनायं भाव एतत्प्रतिबन्धकापगमश्च भगवतैवेति ज्ञापितम्। अथवा पार्थेऽप्ययं भावो भावीति ज्ञेयम्। अन्यथा पूर्वश्लोके 'मामेवे'त्येवकारो व्यर्थः स्यात्। मामित्यनेनैव भगवदैक्यप्राप्तेः। तथा च सर्वात्मभावविषयधर्मिमात्रमेष्यसीत्यर्थः सम्पद्यते। तथा च पूर्वं तत्साधनमुक्त्वोत्तरेण तं भावमेवोपदिष्टवान्। अतएव 'व्रजे'ति मध्यमपुरुषप्रयोग'स्त्वा'मिति चोपपद्यते। भगवद्वाक्येनैतद्भावस्वरूपज्ञाने सति मोक्षाधिकपरमपुरुषार्थ-रूपभावाप्तिज्ञानेन भगवदितरस्य सर्वस्यैव प्रतिबन्धकत्व-ज्ञानेन च तस्मिन् शोचन्तं पार्थमाश्वासयितुमुत्तरार्द्धः।**

(૧૪) અહીં એક પ્રશ્ન થાય છે કે ભલે વ્રજભક્તોમાં સર્વાત્મભાવ હશે પણ અર્જુનમાં તે ભાવ દેખાતો નથી. તો પછી **'सर्वधर्मान्'** શ્લોકરૂપ ઉપદેશનો પૂર્વોક્ત અર્થ છે એમ નિશ્ચય

કેમ કરી શકાય. તેનો ઉત્તર એટલો જ કે પ્રભુ જીવોના અધિકારાનુસાર શાસ્ત્રના તત્ત્વનો ઉપદેશ કરે છે. તેમાં પોતપોતાના અધિકારને અનુકૂલ અર્થનો બોધ થાય છે. કનિષ્ઠ અધિકારીને કનિષ્ઠ, અને ઉત્તમાધિકારીને ગૂઢ અર્થ સ્ફુરે છે. સર્વાત્મભાવપક્ષમાં પ્રભુના સિવાય લૌકિક-અલૌકિક ધર્મ આદિ બધા, ભાવના પ્રતિબંધક છે તેથી જ તે અનિષ્ટ અને પાપરૂપ છે. તેથી ઉત્તરાર્દ્ધનો અર્થ એમ કરવો કે, 'પ્રભુભાવના જેટલા પ્રતિબંધક છે, પછી તે લૌકિક હોય કે અલૌકિક તે બધાથી હું તને છોડાવીશ તું શોક મા કર'. તેથી **એમ પણ જણાય** છે કે તેવા ભાવનું દાન અને પ્રતિબંધકોનું દૂર કરવું એ બન્ને પ્રભુના જ હાથમાં છે. સાધનોથી શક્ય નથી. અથવા અર્જુનને પણ તે ભાવ પ્રાપ્ત થવાનો છે તેથી તેનો ઉપદેશ સાર્થક છે વ્યર્થ નથી. જો પ્રભુ અર્જુનને તે ભાવનું દાન ન આપે તો પછી '**मन्मना**' ઇત્યાદિ શ્લોકમાં '**मां एव एष्यसि**' (તું મને જ પ્રાપ્ત થશે) એમ નિશ્ચયવાચક '**एव**' શું કરવા કહે. કારણ કે '**मां एष्यसि**' (મને પ્રાપ્ત થશે) એટલાથી જ સાયુજ્ય (ઐક્ય) તો જાણવામાં આવી શકત તેથી માલુમ પડે છે કે અર્જુનને પણ સર્વાત્મભાવની પ્રાપ્તિ થવાની છે. '**मां एव**' નો એવો અર્થ જાણવો કે તું, સર્વાત્મભાવનો વિષય જે હું તે મને પ્રાપ્ત થશે'. અર્થાત્ પહેલાં તને સર્વાત્મભાવ પ્રાપ્ત થશે અને તે પછી હું પ્રાપ્ત થઇશ. તેથી જ '**व्रज**' એ મધ્યમપુરુષની ક્રિયા અને '**त्वाम्**' આ યુષ્મત્ શબ્દવાચી કર્તાનો પ્રયોગ અનુરૂપ થાય છે. હવે એટલી આશંકા બાકી રહી કે જ્યારે અર્જુનને સર્વાત્મભાવ થવાનો છે તો પછી શ્લોકના ઉત્તરાર્દ્ધનો અર્થ શું કરવો ? તેનો ઉત્તર આ જાણવો કે યદ્યપિ પ્રભુના ઉપદેશથી અર્જુનને તે ભાવરૂપ પદાર્થનું જ્ઞાન તો થયું. તથાપિ મોક્ષથી અધિક અને અલૌકિક તે ભાવ મને ન મળ્યો, અને તેની

પ્રાપ્તિમાં પ્રતિબંધકો ઘણાં છે કિંવા પ્રભુના સિવાય બધા તેના પ્રતિબંધક જ છે, એમ ભાન થવાથી અર્જુનને ઘણો શોક અને અનેક સંકલ્પ વિકલ્પ હતા. તેને દૂર કરવા માટે પ્રભુએ **'अहं त्वा'** ઇત્યાદિ વડે અર્જુનને આશ્વાસન માટેનો ઉત્તરાર્દ્ધ છે.

૧૫) एतद्भाववत्त्वेन तदप्रसिद्धि**'रिदं ते नाऽतपस्काये'** त्यादिना निषेधात्स्वहृदय एव निगूढत्वेन स्थापनादिति ज्ञेयम् । अत एव स्वस्य केवलभगवदीयत्वख्यापनाय **'करिष्ये वचनं तवे'**त्युक्तम् । न तु 'शत्रून्हनिष्ये' 'राज्यं भोक्ष्य' इति वा । तथा च तत्करणमाज्ञापालनमेवेत्युक्तम् । किञ्च एतद्भाववत एवात्युदारत्वेनान्यत्र सर्वत्रैव तुच्छबुद्धिर्भवेन्नान्यस्य । इतोऽपि पार्थे तद्भाववत्त्वं लक्ष्यते । अन्यथा स्वतो वेदवाक्यविचारेण गुर्वादिवधाद्विमुखस्य तद्विरुद्धवाक्यश्रवणे चोभयोरपि तद्वाक्यत्वात्समानबलत्वेन संशयजनकत्वमेव स्यादिति न तत्र निःसंदिग्धा प्रवृत्तिः स्यात् । अतएव धर्मिणि हृदयं गते धर्ममार्गस्य दुर्बलत्वमिति ज्ञात्वा **'स्थितोऽस्मि गतसन्देह'** इत्युक्तवान् । अतएव **'नारायणपरा लोके न कुतश्चन बिभ्यति'** इत्यादि शिववाक्यम् । राज्याद्यर्थं गुर्वादिमारणं तु मोहकार्यमेवेति **'नष्टो मोह'** इति न वदेच्चेति निगूढाशयः ।

૧૫) 'અર્જુન આવા ભાવવાળો હતો' એવી પ્રસિદ્ધિ જે લોકમાં ન થઇ તે તો અર્જુનની ઇચ્છાથી જ. કારણ કે પ્રભુએ **'इदं ते नातपस्काय'** ઇત્યાદિ શ્લોકો થકી તે ભાવને અન્યત્ર પ્રકટ કરવાનો નિષેધ કર્યો હતો. તેથી અર્જુને પણ પોતાના હૃદયમાં ગૂઢ રાખ્યો. બીજાઓને કહ્યો નહીં. તેથી જ વધારે સંકલ્પ વિકલ્પ ન કરીને અર્જુને પણ સમાપ્તિમાં **'હું આપનો છું'** એમ જાહેર કરવા એમજ કહ્યું કે **'હે પ્રભો હું આપની આજ્ઞા પ્રમાણે**

**કરીશ.'** કિન્તુ એમ ન કહ્યું કે **'શત્રુઓને મારીશ'** કિંવા **'રાજ્યનો ઉપભોગ કરીશ'** તેમ છતાં અર્જુને જે શત્રુઓને માર્યા અથવા તો રાજ્યનો ઉપભોગ કર્યો તે તો માત્ર પ્રભુની આજ્ઞાનું પરિપાલન હતું. તે અમે પૂર્વમાં કહી આવ્યા છીએ. અર્જુનને તે ભાવ મળ્યો તેમાં એકબીજું પણ કારણ છે તે આ કે જ્યારે એવો ભાવ મળે છે ત્યારે તે ભાવવાળા પુરુષનો આશય અતિ ઉદાર થઇ જાય છે. પ્રભુના સિવાય અન્યત્ર તેને તુચ્છભાવના થાય છે. તેને કોઇથી પણ ભય રહેતો નથી. અને અર્જુનમાં તે બધું દેખાય છે. કારણ કે તેણે નિઃસંદેહ અને નિર્ભય થઇને કહ્યું કે **'હે પ્રભો હું આપની આજ્ઞા પ્રમાણે કરીશ'** તેથી નિશ્ચય થાય છે કે અર્જુનને પણ તે ભાવની પ્રાપ્તિ થઇ હતી. જો અર્જુનને તે ભાવની પ્રાપ્તિ ન થઇ હોત તો ભગવદ્વાક્યરૂપ વેદાદિના વિચારથી જ્યારે પોતે દ્રોણાદિહનનો નિષેધ કર્યો, અને પ્રભુએ તેના વિરુદ્ધ દ્રોણાદિહનનની આજ્ઞા કરી તે સાંભળી અર્જુનને મનમાં સંદેહ થવો જોઇએ. 'ગુરૂની તો શું પણ પ્રાણીમાત્રની હિંસા ન કરવી જોઇએ' ઇત્યાદિ વેદશાસ્ત્રના વચન, અને તેથી વિરુદ્ધ તે સમયના પ્રભુનાં વચન, તે બન્ને પ્રભુના વચન હોવાથી સમાન છે **'માટે હવે મ્હારે કેમ કરવું'** એમ અર્જુનને સંદેહ થવો જોઇએ, પ્રવૃત્તિ નહીં. પણ અર્જુનની તો ભગવદાજ્ઞા પ્રમાણે કરવામાં નિઃસંદેહ પ્રવૃત્તિ જ થઇ. તેથી જણાય છે કે અર્જુનને ભગવદ્ભાવની પ્રાપ્તિ થઇ હતી. અને માટે જ પ્રભુના (ધર્મીના) હૃદયમાં આવવાથી ધર્મમાર્ગ દુર્બલ દેખાવા લાગ્યો અને અર્જુને સ્પષ્ટ કહ્યું કે **'હે પ્રભો હવે મ્હારો સંદેહ દૂર થયો છે'** શ્રીમદ્ ભાગવતમાં પણ તેમજ કહ્યુંછે કે **'નારાયણ તત્પર પુરુષને કોઇથી પણ ભય રહેતો નથી'** રાજ્યાદિના માટે ગુરુહનનાદિ કાર્ય મોહનું જ કાર્ય છે તોપણ અર્જુને જે **'પ્રભો હવે મહારો મોહ નષ્ટ થયો'** એમ કહ્યું તેથી

જણાય છે કે તેને તે ભાવ પ્રાપ્ત થવાથી નિર્ભીકતા પ્રાપ્ત થઇ. અને તે નિર્ભય નિઃસંદેહ થયો હતો.

१६) यद्वा - सर्वात्मभाववतां वार्ताश्रवणेन तस्य मोक्षाधिकपरमपुरुषार्थत्वज्ञानेन तदर्थं **भगवद्भजनादावपि कृते यदा न तत्प्राप्तिः । तस्य चावश्यमपेक्षणीयत्वेनात्यार्तिर्भवेत् । भगवदनुग्रहविशेषैकलभ्यत्वज्ञानं** च तदा **स्वाशक्यत्वज्ञानेन** तादृशानुग्रहकरणे तद्भावप्राप्तौ च भगवानेव शरणमिति **शरणागतिर्भवति । ततश्च तद्भावप्राप्तिः ।** उभयमपीदं फलरूपमितरसाधनासाध्यमिति वर[1]वद्वास्यन्नाह **'सर्वधर्मानि'** ति । उक्तरीत्या **लौकिकवैदिकभगवद्धर्मानेतदसाधनत्वात्त्यक्त्वा 'मां शरणं व्रजे'**त्युत्तरार्द्धस[2]हितेन **शरणागतिदानम् ।** तदनन्तरमेकं केवलभावविषयं **'मां व्रज'** प्राप्नुहीति तद्भावदानम् । तदैव शोकनिवृत्तिरपि भविष्यतीत्याह - **'मा शुच'** इति । केवलभावलभ्यरसस्यैव तन्निवर्तकत्वात् । अतएव भागवते **'शोकनाशन'**मिति तद्विशेषणम् । एवं सर्वमवदातम् ।

इति पितृचरणकृपातो गोपीपतिचरणरेणुधनिना यः ।
श्री[3]विठ्ठलेन विवृतो भावो मयि **स स्थिरो भवतु ॥ १ ॥**

इति श्रीमदग्रिकुमारविरचितं **श्रीन्यासादेशविवरणम् ।**

---

१ अस्मिन्नर्थेऽत्राऽऽशिषि लोट् ज्ञेयः ।

२ तन्त्रेणाऽत्र वाक्यद्वयम् । एकेन शरणदानमन्येन तद्भावदानम् ।

३ यत्त्वत्र कैश्चन 'श्लोऽकोयमन्यदीय एवात्राऽऽपतित' इत्युट्टङ्क्यते तत्र विचारसहम् । यद्धि रीतिरेषाऽपि यत्स्वकृते स्वनामस्थापनमिति ।

૧૬) અથવા તો સર્વાત્મભાવયુક્ત ભક્તોનાં ચરિત્ર તથા તેમની કથાનું શ્રવણ કરતાં કરતાં જણાવા લાગે છે કે સર્વાત્મભાવ, મોક્ષથી પણ શ્રેષ્ઠ, અને અધિક પુરુષાર્થ છે. જ્યારે ભગવદ્ભક્તિ ઇત્યાદિ સાધનોથી પણ તેની પ્રાપ્તિ નથી થતી, ત્યારે તેને મેળવવાની અતિ ઉત્કંઠા અને તેના અભાવના લીધે દુ:ખ થાય છે. તે વખતે જીવને ભાન થાય છે કે આ ભાવ અન્ય સાધનોથી નહીં કિન્તુ કેવલ પ્રભુના અનુગ્રહથી જ મળી શકે છે. અને તેવો અનુગ્રહ થવો મ્હારા હાથની વાત નથી. જેનાથી તેવો ભાવ પ્રાપ્ત થાય તેવો અનુગ્રહ અને તે ભાવ. એ બન્ને શ્રીપ્રભુના જ હસ્તમાં છે તેથી હવે મ્હારા પ્રભુજ શરણ છે એમ વિચારીને પ્રભુની શરણાગતિ કરવામાં આવે છે. આવી રીતે પ્રભુને શરણે જવાથી તે ભાવની પ્રાપ્તિ થાય છે. આવા પ્રકારની શરણાગતિ અને તે સર્વાત્મભાવની પ્રાપ્તિ, એ બન્ને ફલરૂપ છે માટે સાધનોથી મળી શકે નહીં. અતએવ પ્રભુ કરુણાથી તે બંને વરદાનની પેઠે અર્જુનને આપતાં આજ્ઞા કરે છે કે '**સર્વધર્માન્**' ઇત્યાદિ, અર્થાત્ - 'હે પાર્થ ! લૌકિક (રાજ્યભોગાદિ) વૈદિક (યજ્ઞાદિ) ધર્મો તથા શ્રવણાદિ ભક્તિ તે સર્વ મહારા અનુગ્રહ વિના મહારી પ્રાપ્તિમાં સાધન થઇ શકતાં નથી. અને તેથી તેમનો પરિત્યાગ કરીને તું મ્હારે શરણે આવ.' એમ એક વાક્યથી અર્જુનને શરણાગતિનું દાન કરે છે અને તન્ત્રરીત્યા બીજા વાક્યથી 'એકમાં' અર્થાત્ 'કેવલ ભાવથી પ્રાપ્ય મને પ્રાપ્ત થા'. એમ કહીને તેવા ભાવનું પણ દાન કરે છે. તેવા ભાવ થકી જ તારા શોકની નિવૃત્તિ થશે. તેથી આજ્ઞા કરે છે કે '**શોક મા કર**' કારણ કે એક માત્ર ભાવ પ્રાપ્ત રસથી જ સર્વ શોકોનો નાશ થાય છે. તેથી જ શ્રીમદ્ ભાગવતના ફલપ્રકરણમાં ભગવદ્રસને '**શોકનાશનં**' એવું વિશેષણ દીધું છે. એમ પૂર્વમાં જે કહી આવ્યા તે સર્વયુક્ત છે.

શ્રીગોપીશની ચરણરજથી ધનવાન એવા (મેં)
શ્રીવિઠ્ઠલેશદીક્ષિતે પિતા શ્રીશ્રીમદ્વલ્લભાચાર્યના
ચરણાનુગ્રહથી જે ભાવનો પૂર્વોક્તરીતે પ્રકાશ કર્યો
છે તે ભાવ મ્હારા હૃદયમાં સ્થિર રહો ॥ ૧ ॥

શ્રીઅગ્નિકુમાર વિરચિત ન્યાસાદેશવિવરણ સમ્પૂર્ણ ।

॥ श्रीहरिः ॥

श्रीविट्ठलेशप्रभुचरणविरचितम् ।

# श्रीगीता तात्पर्यम्

શ્રીમત્પ્રભુચરણ, શિષ્ટાચાર પરિપાલનને માટે ગ્રંથના પૂર્વમાં ગુરુપ્રણામરૂપ મંગલ આચરણ કરે છે.

**पितृपादाब्जयुगलं प्रणमामि कृपामघु ।**
**यत्कुलं गोकुलेशेन स्वीकृतं कृपया स्वतः ॥ १ ॥**

**અર્થ** - શ્રીગોકુલપતિ ભગવાને જેમના કુલને પોતાની ઇચ્છાથી અનુગ્રહ કરી સ્વીકાર કર્યો છે, તે શ્રીમદ્વલ્લભાચાર્યના ચરણનલિન માં પ્રણામ કરું છુ ॥ ૧ ॥

## प्रतिज्ञा

**अतस्तद्वदनाम्भोजच्युतगीतामृताम्बुधिम् ।**
**आविर्भावे हेतुमीशानुग्रहाद्विमृशाम्यहम् ॥ २ ॥**

**અર્થ** - એટલા માટે ભગવદાવિર્ભાવ થવામાં કારણ જે ભગવાનના મુખારવિન્દથી પ્રકટ થયેલ ગીતારૂપ અમૃતસમુદ્ર છે, એમની જ કૃપાથી એમાં અવગાહન કરું છું **અર્થાત્** ભગવદ્ ગીતાના તાત્પર્યને સંક્ષેપથી નિરૂપણ કરું છું ॥ ૨ ॥

## पूर्वपक्षः

**स्वयं स्वतत्त्वं हि हरिः पार्थायोपदिशत्यदः ।**

तदादौ धृतराष्ट्रस्याभक्तस्य वचसा न हि ॥ ३ ॥
उपक्रमो युक्ततरस्तत्पुत्रस्यापि वा कथा ।
पार्थस्यापि विषादोऽयमतद्रूपत्वतस्तथा ॥ ४ ॥
उपदेशे हेतुतया स उक्त इति चेन्न हि ।
विक्षेपात्मत्वतः शान्त्याद्यरूपत्वादपि स्फुटम् ॥ ५ ॥
अत्राधिकाराभावस्य ज्ञापकत्वाच्च लौकिकी ।
कथा युक्ता तथाभूता, न तु विद्योपदेशनम् ॥ ६ ॥

अपरं च,

ब्रह्मविद्या श्रवणतः सर्वत्यागो विरागतः ।
युक्तः स्यान्न तु गुर्वादिहननं राज्यभोगिता ॥ ७ ॥
एवं पूर्वोत्तरकथा विरुद्धमिव भाति हि ।
उपदेशनमीशे तु न तथा सम्भवत्यपि ॥ ८ ॥
अतः संदंशपतिता विचारकमतिर्बत ।

**અર્થ** - શ્રીમત્પ્રભુચરણ (શ્રીગુસાંઇજી) શ્રીવિઠ્ઠલનાથ-દીક્ષિત, ભગવદ્ગીતાના તાત્પર્યનું નિરૂપણ કરવા માટે પ્રથમ પૂર્વપક્ષમાં કહે છે કે જ્યારે ભગવાન્ સ્વયં પોતાના તત્ત્વનો ગીતારૂપે અર્જુનને ઉપદેશ કરવા માંગે છે તો એવા ઉપદેશના આદિમાં અભક્ત અને ભક્તદ્વેષી ધૃતરાષ્ટ્રની વાણીથી ઉપક્રમ થવો યોગ્ય માલુમ પડતો નથી અને આજ રીતે તેવાજ દુષ્ટ એના દુર્યોધન વગેરે પુત્રોની કથા પણ પ્રારંભમાં ઠીક લાગતી નથી. તેમજ અર્જુન ક્ષત્રિય છે તો એનું આ રીતે ગભરાઇ જવું અને ભયભીત થવું પ્રારંભમાં નહીં કહેવું જોઇએ, કદાચિત્ ઉપદેશમાં અર્જુનનો વિષાદ જ હેતુ છે એમ સમજીને સમાધાન કરવામાં આવે તો તે પણ બરાબર નથી, કારણ કે ઉપદેશના પહેલાં જ વિષાદ થવાથી ઉપદેશ શ્રવણ કરવામાં અર્જુનને વિક્ષેપ થવો સંભવ છે, કારણ કે ઉપદેશશ્રવણ સમયે શાન્તિની અપેક્ષા છે અને

વિષાદ શાન્તિનો ભંગ કરવાવાળો છે. તેમજ આથી એમ પણ જણાય છે કે શ્રવણ કરતી વખતે જેને વિષાદ અને અશાન્તિ છે તેવા અર્જુનને ઉપદેશ સાંભળવાનો અધિકાર રહેતો નથી. તેથી તે વિષાદને દૂર કરવા માટે ભગવાને પણ કોઇ અનુરૂપ લૌકિક આખ્યાયિકા કહેવી જોઇતી હતી, નહીં કે શાન્ત દાન્ત અધિકારીને યોગ્ય આત્મતત્ત્વનું નિરૂપણ કરવું જોઇએ. જેમ ગીતાના ઉપક્રમ બાબતમાં જાતજાતના તર્કો સામે આવે છે તેમ ઉપસંહાર બાબતમાં પણ શંકા ઉત્પન્ન થાય છે. ભગવાન વડે ઉપદેશ અપાયા બાદ વિદ્યાના શ્રવણ થકી અર્જુનમાં વૈરાગ્ય ઉત્પન્ન થવો જોઇતો હતો અને તેવા વૈરાગ્યથી રાજ્ય વગેરે સર્વ અનાત્મવસ્તુઓનો પરિત્યાગ થવો જોઇતો હતો, કિન્તુ પોતાના ગુરુ તથા પૂજ્યવર્ગનું હનન કરવું તો સર્વથા અયુક્ત જ હતું. આ રીતે ગીતાના ઉપક્રમ તથા ઉપસંહાર બંને અનેક તર્કોથી પરાહત થયેલા જેવા માલુમ પડે છે. ખરેખર જોવામાં આવે તો આજ વિરુદ્ધ જેવું જણાય છે કે સર્વની રક્ષા કરનાર - ધર્મની સંસ્થાપના કરનાર સ્વયં ભગવાને અર્જુનને પૂજ્યહનન કરવાનો ઉપદેશ કેમ કરીને કર્યો છે.આ પ્રમાણે પૂર્વાપરનો વિચાર કરતાં વિચારકર્તાની બુદ્ધિ તપેલી સાણસીના વચમાં આવી પડે છે.

## उत्तरपक्षः

एवं सति वदामस्त्वां तात्पर्यं कृपया हरेः ॥ ९ ॥

भक्तिमार्गरीतिर्हि अलौकिकी, न साधारणरीत्या निर्णयः कर्तुं शक्यः । पार्था हि भक्तिमार्गेऽङ्गीकृताः स्वीयत्वेन । पार्थास्तु **'देवो भगवान्मुकुन्दो गृहीतवा'**नित्यतएव विदुरवाक्यम् । एवं सति **'भ्राताऽपि भ्रातरं हन्या'**दिति न्यायेन लोकवद्रिपून्मार-यित्वा राज्यं कुर्युस्तदा राज्ये भगवत्सम्बन्धाभावात्तद्भोगे

भगवदीयत्वं न भवेत् । एवं सति पार्थस्य स्वतस्ततो निवृत्त्युक्त्वा लौकिकरीत्यभाव उक्तो भवति। **'क्षत्रियाणामयं धर्म'** इति वचनात् शूराणां तेषां युद्धोपस्थितौ वीररस एवोत्पद्यते वस्तुस्वभावात्, न तु वैराग्यं. पार्थे च तदुत्पत्तौ भगवदीयत्वमेव हेतुः । अन्यथा तु तुल्ययोगक्षेमत्वाद्धार्तराष्ट्रेष्वपि तदुत्पतिः स्यात् । एतज्ज्ञापनायैवाऽऽदौ धृतराष्ट्रतत्पुत्रकथोक्ता, तया तदुत्साह उक्तो भवति । भगवदीयस्य तु भगवत्कार्योन्मुख्येव मतिरुचिता तद्विरूद्धा कुमतिरेव । अन्यथा धर्मशास्त्रादिषु गुर्वादिहननस्य निषिद्धत्वात्ततो निवर्तिका मतिर्मतित्वेन नोच्येत । तदुक्तं भीष्मेण **'व्यवहितपृतनामुखं निरीक्ष्य स्वजनवधाद्विमुखस्य दोषबुद्ध्या । कुमतिमहरदात्मविद्यया य'**इति । एतेन भक्तिमार्गीय मर्यादा लोकवेदातीता । अतस्तावादाय भक्तिमार्गो न विचारयितुं युक्तस्तदतीतत्वादिति ज्ञापितं भवति । अत एव ब्रह्मविद्योपदेशानुपदमेवाऽऽसुरहनने प्रवृत्तिरभूत् । एतेन 'एतच्छ्रवणानन्तरं सर्वत्याग उचितो न तु गुर्वादिहनन'मिति निरस्तं वेदितव्यम् ।

**अर्थ** - આ પ્રકારે જ્યારે વિચારક વર્ગને અનેક સન્દેહ થાય છે તો (તેના ઉત્તરમાં) ભગવદનુગ્રહ વડે જે કંઇ તત્ત્વ જાણવા મળે છે તે ઉત્તરમાં અમે કહીએ છીએ. ભગવાન શ્રીકૃષ્ણે અર્જુન વગેરે પાંચે પાંડવોનો **'આ મારા છે'** એમ સમજીને ભક્તિમાર્ગમાં અંગીકાર કર્યો છે. તેથી શ્રીમદ્ ભાગવતમાં શ્રીવિદુરજીનું કથન છે કે **'ક્રિડારસિક શ્રીમુકુન્દભગવાને પાંડવોનું સ્વીયભાવે ગ્રહણ કર્યું છે'**. (ભક્તિમાર્ગમાં ગ્રહણ કર્યું છે), તેથી જ **'ક્ષત્રિયોએ યુદ્ધના સમયે ભાઇએ પણ ભાઇને મારવા'** એ ન્યાયે યદિ અર્જુન વગેરે ભગવદ્ભક્ત પણ બીજા (સાધારણ) લોકોની માફક પોતાના **દુશ્મ**નોને મારીને

રાજ્યનો ઉપભોગ કરે તો એવા રાજ્ય વગેરેમાં ભગવત્ સંબંધ નહીં હોવાના કારણે એમના એ ભગવદીયપણાનો નિર્વાહ થતો નથી. આ પ્રમાણે હોઇને પણ જ્યારે અર્જુનના આ પ્રકારના વૈરાગ્યનું વર્ણન કર્યું છે તો તેથી એમ સૂચિત થાય છે કે અર્જુનને વૈરાગ્ય થવામાં કોઇ લૌકિક ભાવ કારણ નથી, કિન્તુ અલૌકિક જ છે. અર્થાત્ - અર્જુનને જે બાન્ધવોને હણવા બાબતમાં દયા ઉપજી છે તે કેવળ (તેનામાં) ભગવદીયપણું હોવાથી ભગવદિચ્છાએ જ થઇ છે કિન્તુ દયા ઉપજવામાં બીજો કોઇ લૌકિક ભાવ હેતુમાં નથી. **'ક્ષત્રિયોનો આ ધર્મ છે કે યુદ્ધમાં ભાઇને પણ ભાઇ મારે'** વગેરે વચનોથી આ સ્પષ્ટ છે કે અર્જુન જેવા વીરાગ્રણીને યુદ્ધમાં વીરરસનો જ પ્રાદુર્ભાવ થવો યુક્ત હતું. આવા સમયમાં યુદ્ધથી વિરાગ થવો અનનુરૂપ હતું. કારણ કે જેનો જે સ્વભાવ છે તે એનાથી કોઇ પણ અવસ્થામાં પણ જુદો થઇ શકતો નથી. વીર સ્વભાવ- ક્ષત્રિય અર્જુનને યુદ્ધમાં વૈરાગ્ય થવો એ જ સ્પષ્ટ જણાવે છે કે એને જે વૈરાગ્ય થયો તે માત્ર ભગવદીય હોવા થકી જ અને ભગવદિચ્છાથી જ થયો છે. જો કોઇક લૌકિક ભાવને લઇને વૈરાગ્ય થાત તો જેમ અર્જુનના દુર્યોધન વગેરે બાંધવો છે, તેમ દુર્યોધન વગેરેના અર્જુનવગેરે પાંડવો પણ બન્ધુઓ છે તેથી બંને (એક બીજા માટે) સમાન હોઇ દુર્યોધન વગેરેના હૃદયમાં પણ વૈરાગ્ય થવો જોઇતો હતો. પરન્તુ તેમ નહીં થયું હોવાથી એમ સિદ્ધ થાય છે કે અર્જુન ભગવદીય હોવાથી જ એને વૈરાગ્ય થયો. કિન્તુ તેથી (ભગવદીયત્વથી) વિરુદ્ધ હોવાથી દુર્યોધન વગેરેને વૈરાગ્ય નહીં થયો. અર્જુનનો તે ઉત્તમ અધિકાર સ્પષ્ટ કરવા માટે જ ગીતાના પ્રારંભમાં ધૃતરાષ્ટ્ર અને તેના પુત્રોની કથા ઉદ્ધૃત થઇ છે. તે કથા વડે દુર્યોધન વગેરેનો યુદ્ધમાં (અને રાજ્યભોગમાં) ઉત્સાહ

જણાવાયો છે. ભક્તિમાર્ગની રીતિ લોકથી જુદી છે આ વાત અહી સુધીમાં ગ્રન્થથી સ્પષ્ટ થઇ. હવે એ ભક્તિમાર્ગની રીતિ વેદથી પણ અતીત છે એ વાત જણાવવા માટે ગુરુ વગેરેના હનનમાં અર્જુનની પ્રવૃત્તિ કેમ કરીને થઇ તેનો ઉત્તર આપે છે. 'परित्राणाय साधूनाम्' વગેરે ગીતાના વચનોથી એમ જાણવામાં આવે છે કે ભગવાનનો પ્રાદુર્ભાવ અસુરોના સંહાર અર્થે પણ છે. અસુરોનો સંહાર કરવો એ ભગવાનનું કાર્ય છે. એ ભગવત્કાર્ય અનુસાર કાર્ય કરવું, કિંવા તદનુકૂલ મતિ હોવી એ ભગવદીય ધર્મ છે. ભગવત્કાર્યથી વિરુદ્ધ બુદ્ધિનું હોવું ભગવદીયતાને યોગ્ય નથી. યદિ આવી વિરુદ્ધ બુદ્ધિ ભગવદીયની હોય તો એ બુદ્ધિ કુમતિ કહેવાશે. દુર્યોધન વગેરે આસુરાવેશી હોવાથી તેઓ અસુર છે અતઃ એમને મારવું એ પ્રભુને અભીષ્ટ છે. પ્રભુને જે અભીષ્ટ છે તેથી વિરુદ્ધની અર્જુનની વૈરાગ્યવાળી બુદ્ધિ થઇ એ કુમતિ હતી. પોતાનાથી (ભગવદભીષ્ટથી) વિરુદ્ધ સ્વરૂપની એ સમયમાં અર્જુનમાં બુદ્ધિ બની તેને દૂર કરવા માટે શ્રીહરિએ અઢાર અધ્યાય દ્વારા પોતાના તત્ત્વનો ઉપદેશ કર્યો અને તેના વડે અર્જુનની કુમતિનો નાશ કર્યો તથા સુમતિનું દાન કર્યું. ભગવદિચ્છાને જે અનુકૂલ હોય તે સુમતિ અને જે તેથી પ્રતિકૂલ હોય તે કુમતિ છે. યદિ એમ નહીં હોતે તો શ્રીમદ્ ભાગવત વગેરેમાં ગુરુ વગેરેનું હનન નહીં કરવાની ઇચ્છાને કુમતિ કહતે નહીં. મર્યાદામાર્ગમાં વેદ-શાસ્ત્રમાં કહેવાયેલ વિધિ અનુસાર ચાલવું એ ધર્મ છે અને ભક્તિમાર્ગમાં પ્રભુની ઇચ્છાને અનુકૂલ ચાલવું એ ધર્મ છે. યદ્યપિ ગુરુ વગેરેનું હનન કરવું એ ધર્મશાસ્ત્રમાં નિષિદ્ધ છે અને તેમ કરવું અધર્મ પણ છે. છતાં પણ ભગવાનની ઇચ્છા તેમને મારવાની જ હતી એટલે અર્જુનને જે અસુર હનનમાં વૈરાગ્ય થયો તે ભગવદિચ્છાથી વિરુદ્ધ હતો, તો તે કુમતિ જ છે,

એ કુમતિનો ગીતા-ઉપદેશ વડે ભગવાને નાશ કર્યો આ વાત શ્રીમદ્ ભાગવતમાં હરિભક્ત ભીષ્મપિતામહે કહી છે કે **'વિરુદ્ધપક્ષની સેનાને યુદ્ધ કરવા માટે તૈયાર જોઇને અને તે યુદ્ધ દુષ્ટકર્મ છે તેમ જાણીને નિજ બાંધવોને મારવાથી વિમુખ બનેલા અર્જુનની એ કુમતિનું જેમણે આત્મવિદ્યા-પોતાની વિદ્યા વડે હરણ કર્યું એવા ભગવાન મારી ગતિ થાઓ'** આથી એમ પણ સ્પષ્ટ થાય છે કે ભક્તિમાર્ગની મર્યાદા વેદથી પણ અતીત છે. તેથી કરીને લોક અને વેદ અનુસાર જ ભક્તિમાર્ગનો વિચાર કરવો યોગ્ય નથી. કારણ કે ભગવદ્ ભક્ત લોકવેદાતીત છે. તેથી જ બ્રહ્મવિદ્યાના ઉપદેશના અનન્તર જ અર્જુનની અસુરોને હણવામાં પ્રવૃત્તિ થઇ. આથી જે લોકો એમ તર્ક કરે છે કે બ્રહ્મવિદ્યાના શ્રવણના અનન્તર અર્જુન વડે સર્વત્યાગ થવો યોગ્ય હતું કિન્તુ ગુરુ વગેરેનું હનન કરવું એ અયોગ્ય હતું આવો વિચાર (ભક્તિમાર્ગની) અનભિજ્ઞતા માત્ર છે.

**वस्तुतस्तु सर्वत्यागोऽप्ययमेव, लोकवेदत्यागपूर्वकं** भगवत एव ग्रहणं यतः । अतएव **'कच्चिदेतच्छ्रुतं पार्थ त्वयैकाग्रेण चेतसा'** इत्यादिना भगवता पृष्टः पार्थो **'नष्टो मोह'** इत्युपक्रम्य **'करिष्ये वचनं तवे'** त्युत्तरितवान् । तेन केवलभगवदीयत्वं फलितं भवति । राज्यादेरत्यागस्तु स्वमुक्ति-प्रतिबन्धकत्वज्ञानेनेति तत्र प्रभुसम्बन्धोस्तीति न तुच्छतरः । ननु भगवदिच्छाऽननुरूपा मतिर्भक्ते कथमभूदितिचेत्, इत्थम् । वस्तुतो भगवदीयत्वेऽपि तदधीनोऽहं युद्धादिकं **करिष्ये** इति न ज्ञानमासीत् । भगवता तदज्ञापनात् । किन्तु **क्षात्रधर्मत्वेन** । तथा तत्कृतिर्भक्तस्य नोचिता । तदीयत्वविरुद्धत्वात् । अतस्तस्यैवान्तःस्थितस्यानुभावेन तत्प्राकट्ये हेतुरभूत् । अन्नदानाय क्षुदुत्पादनवत् भगवदिच्छया तथामतिः । एतेन

प्रभुतत्त्वं तज्ज्ञाणितमेव भक्तस्यापि ज्ञापितं भवति, न तु स्वतो ज्ञापितं भवतीति दिक् । अपरञ्च पुष्टिमार्गाङ्गीकारे स्वतएव तत्स्फूर्तिः स्यादेव। पार्थस्तु पुष्टिमर्यादायामङ्गीकृता इति पूर्वं तदुत्पत्तिरुपदेशेन च तन्निवृत्तिः ।

इति श्रीपितृपादाब्जदासेन निजहृद्गता।
भक्तिमार्गस्य मर्यादा निरुक्ता विठ्ठलेन वै ।।

## इति श्रीविठ्ठलदीक्षितकृतं गीतातात्पर्यम् ।

**અર્થ** - વાસ્તવમાં તો લોક-વેદત્યાગપૂર્વક શ્રીકૃષ્ણમાત્રને ગ્રહણ કરવાનું નામ જ સર્વત્યાગ છે. તેથી જ '**હે અર્જુન ! મારા કહેવાનું તેં એકાગ્રચિત્તે શ્રવણ કર્યું** ?' એમ શ્રીકૃષ્ણના પ્રશ્નના ઉત્તરમાં અર્જુને '**મારો મોહ નષ્ટ થયો**' અહીંથી આરંભી '**હે શ્રીકૃષ્ણ ! હવે હું આપની આજ્ઞાનુસાર કરીશ**' પર્યન્તમાં આ પ્રકારે ઉત્તર આપ્યો છે. આથી અર્જુન કેવલ ભગવદીય છે એમ સ્પષ્ટ થાય છે. અહીં ભગવદીય એવા અર્જુનની આસક્તિ રાજ્યમાં કેમ કરી થઇ અને એણે રાજ્યનો પણ પરિત્યાગ કેમ ન કર્યો ? આવો પ્રશ્ન પણ કરવો ન જોઇએ, કારણ કે જો કદાચિત્ રાજ્યમાં (રાજ્યભોગમાં) પ્રભુનો સંબન્ધ નહીં હોતે, તો તેવું રાજ્ય મોક્ષમાં પ્રતિબંધક હોવાથી પરિત્યાગ કરવા યોગ્ય હોતે, કિન્તુ અર્જુનના રાજ્યભોગમાં પ્રભુનો સંબંધ પૂર્ણ રીતે છે, તેથી અર્જુને તેનો ત્યાગ નથી કર્યો. અહીં એક આ પણ પ્રશ્ન થાય છે કે ભગવદીય એવા અર્જુનની '**હું યુદ્ધ નહીં કરીશ**' એવી ભગવદિચ્છા વિરુદ્ધની બુદ્ધિ કેમ થઇ ? એનો ઉત્તર આ મુજબ જાણવાનો છે કે ભગવાન જ બધાના પ્રેરક છે, ભગવાન જ બધાને જ્ઞાન આપવાવાળા છે, તેથી જ્યાં સુધી પ્રભુ તેવી ઇચ્છા ન કરે ત્યાં સુધી જીવને કોઇ વિષયનું જ્ઞાન થઇ શકતું નથી. તેથી યદ્યપિ

અર્જુન ભગવદીય હતો, છતાં પણ ભગવદિચ્છા તેવી ન હોવાથી એને **હું પ્રભુને આધીન રહીને યુદ્ધાદિ કાર્ય કરું' એમ જ્ઞાન** ન હતું. કિન્તું હું ક્ષત્રિય છું તેથી યુદ્ધ કરીશ એમ જ્ઞાન હતું. ધર્મીને આધીન રહીને નહીં કિન્તુ ધર્મમાત્રને આધીન રહીને કાર્ય કરવું ભગવદ્ ભક્તને માટે ઉચિત નથી. કારણ કે તેવું (ધર્મીને આધીન ન રહી ધર્મમાત્રને આધીન રહી) આચરણ ભકિત વિરુદ્ધનું છે. તેથી સર્વના હૃદયમાં સર્વદા નિવાસ કરનારા શ્રીહરિના પ્રભાવથી જ, ભગવદિચ્છાથી જ તેવી મતિ થઇ, કારણ કે વિરુદ્ધ મતિ ઉત્પન્ન કરાવીને જ તેના ઉપશમને અર્થે બ્રહ્મવિદ્યાનું દાન કરવું હતું. જેમ ભગવાન અન્ન વગેરે આપવા માટે ક્ષુધાગ્નિ ઉત્પત્તિ કરે છે, તેમ નિજ તત્ત્વનો ઉપદેશ કરવા માટે અર્જુનને તેવી બુદ્ધિ આપી. આથી એમ સ્પષ્ટ થાય છે કે ભગવદ્ભક્તને પણ ભગવાન ઇચ્છા કરે તો જ પ્રભુ તત્ત્વનું જ્ઞાન થાય છે. પોતાની મેળે અથવા બીજાં સાધનો કર્યાથી નથી થતું. એક બીજું કારણ પણ છે કે યદિ અર્જુનનો અંગીકાર શુદ્ધ પુષ્ટિમાર્ગમાં થયો હોતે, તો એની સ્ફૂર્તિ સ્વતઃ - પોતાની મેળે પણ થઇ શકતી હતી. પરન્તુ કુન્તીપુત્રોનો તો ભગવાને પુષ્ટિમર્યાદામાં અંગીકાર કર્યો છે. તેથી પ્રથમ અર્જુનના હૃદયમાં આવી બુદ્ધિનો પ્રાદુર્ભાવ થયો અને ત્યારબાદ ભગવાનના ઉપદેશથી તેની ઉપશાન્તિ થઇ.

**આ પ્રમાણે શ્રીમદ્વલ્લભાચાર્યચરણોના દાસ શ્રીવિઠ્ઠલનાથજીએ નિજહૃદયસ્થિત ભક્તિમાર્ગની મર્યાદા પ્રકટ કરી.**

**प्राचीनाचार्यकृपया रमानाथेन सूरिणा ।**
**अनुदितमिदं वर्षे चन्द्रर्षिनिधिभूमिते (वि.सं.१९७१) ॥**

अथ श्रीमद्विठ्ठलेश्वरप्रभुचरण विरचितो

# गीतार्थसङ्ग्रहः

ભાવાનુવાદ - પૂ.ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી - વડોદરા.

प्रवृत्तिधर्मं भगवान् ऋषिद्वारा निरूप्यतु।
निवृत्तिमिष्टां सुदृढां निःसन्दिग्धां हरिर्जगौ ॥ १ ॥

साख्यं योगो रहस्यं च रहस्यतममेव च।
अन्योन्याधिक्यनिर्द्धारो ज्ञानविज्ञानयोरपि ॥ २ ॥

स्वस्वरूपविनिर्द्धारो भजनेतरनिर्णयः।
तद्धेतुर्गुणवैषम्यं सर्वशास्त्रविनिर्णयः ॥ ३ ॥

इति गीतार्थनिर्द्धारो यथाभागो वितन्यते।
साख्यं यौगो निरूप्यादौ मोहमुत्सार्य फाल्गुनम् ॥ ४ ॥

भक्तिपीयूषपातारं कृतवानिति सङ्ग्रहः ॥ ४ $\frac{1}{2}$ ॥

इति श्रीविठ्ठलेश्वरप्रभुचरणविरचितो गीतार्थसङ्ग्रहः ॥

ભાવાનુવાદ - ભગવાને (વેદ-પૂર્વકાંડોક્ત) પ્રવૃત્તિધર્મને ઋષિઓ દ્વારા નિરૂપણ કરાવ્યો અને કોઇ પણ પ્રકારની સંદિગ્ધતા વિનાની, સદઢ, અભીષ્ટ એવી નિવૃત્તિને સ્વયં શ્રીહરિએ (આ ગીતાશાસ્ત્ર દ્વારા) જણાવી. સાંખ્ય (બીજો અધ્યાય),યોગ (કર્મયોગ-ત્રીજો અધ્યાય), રહસ્ય (ચોથો

**અધ્યાય), રહસ્યતમ (નવમો અધ્યાય). એકથી બીજાની અધિકતા એટલે કે ક્ષરથી અક્ષર અને અક્ષરથી પુરુષોત્તમ પર** અને ઉત્કૃષ્ટ છે અનું નિર્ધારણ **(આઠમો અધ્યાય), તેમજ જ્ઞાન-** વિજ્ઞાનમાં પણ જ્ઞાનથી વિજ્ઞાનની ઉત્કૃષ્ટતાનું નિર્ધારણ **(સાતમો** અધ્યાય), **ક્ષર-અક્ષર-પુરુષોત્તમ-જ્ઞાન-વિજ્ઞાન** એમાં ગીતાના **વક્તા પોતે શ્રીકૃષ્ણ કોણ ? તે આમાંથી કયા સ્વરૂપના તેનું નિર્ધારણ** (પંદરમો અધ્યાય), પોતાના ભજન સિવાયના બીજાના ભજન બાબતનો અને **ભક્તિ સિવાયના બીજા સાધનો** બાબતનો નિર્ણય (અલગ-અલગ **અધ્યાયોમાં તથા વિશેષ કરીને બારમો તથા નવમો અધ્યાય**, બીજાના ભજનમાં જીવોની **પ્રવૃત્તિમાં હેતુરૂપ જીવોમાં રહેલી ગુણોની (સત્ત્વ-રજ**-તમની) **વિષમતા (ચૌદમો તથા સત્તરમો અધ્યાય), તેમજ સર્વશાસ્ત્રોનો** સારરૂપનિર્ણય (અઢારમો **અધ્યાય). આ પ્રમાણે** ગીતામાં યથાભાગ વ્યસ્થિત-વિસ્તારવામાં **આવ્યા છે. આ પ્રમાણે** ગીતામાં જુદા-જુદા અધ્યાયોમાં ભગવાન વડે અપાયેલ ઉપદેશના **અર્થનું નિર્ધારણ અમારા વડે (શ્રીપ્રભુચરણ** વડે) કરવામાં આવ્યું. તેમાં આરંભમાં બીજા-ત્રીજા અધ્યાયમાં સાંખ્ય અને **યોગના** (કર્મયોગના) ઉપદેશ વડે **મોહમાં આવી પડેલી અર્જુનની બુદ્ધિમાંથી મોહને દૂર કરીને જેમાં ભક્તિરૂપી અમૃત ભરપૂર ભરેલું છે અને તે ભક્તિરૂપ અમૃતને પીવડાવનાર** એવા **ભક્તિશાસ્ત્રની રચના કરી છે, એમ આ સમગ્ર** ગીતાના **અર્થનો સંગ્રહ** થાય છે.

**(અનુવાદક-)** ઉપર મુજબ **શ્રીપ્રભુચરણ** દ્વારા **ગીતાનો** જે પ્રકારે **અર્થસંગ્રહ કરવામાં આવ્યો છે** તેને જોતાં **એમ માલુમ પડે છે કે શ્રીશંકરાચાર્યજી-શ્રીમધુસૂદનજી** પ્રભૃતિ ગીતાના **ટીકાકારો** ગીતાના **અઢાર અધ્યાયોને ત્રણ ભાગે વહેંચે છે જેમાં**

પ્રથમ છ અધ્યાયો કર્મષટ્ક, તે પછીના છ અધ્યાયો ભક્તિષટ્ક અને તે પછીના છેલ્લા છ અધ્યાયો જ્ઞાનષટ્કના છે એમ માને છે તે વિભાગ શ્રીપ્રભુચરણને સ્વીકાર્ય નથી. આપશ્રીના વિચારે સમ્પૂર્ણ ગીતાશાસ્ત્ર એ ભક્તિશાસ્ત્ર છે તેથી શ્રીમદ્ ભગવદ્ગીતા એ ભક્તિરૂપ અમૃતની પરબ છે અને સ્વયં પ્રભુ શ્રીકૃષ્ણ તેને પીવડાવનારા છે. તેથી અહીં જ્ઞાન, કર્મ વગેરેનું સ્વતંત્ર નિરૂપણ કરવાની ભગવાનની વિવક્ષા નથી. બીજા-ત્રીજા અધ્યાયમાં સાંખ્ય અને કર્મયોગનું નિરૂપણ એ અર્જુનના મોહને દૂર કરવા માટે છે અને તે પણ ભક્તિના અંગ તરીકે જ નિરૂપણ કરાયું છે તેમજ બાકીના દરેક અધ્યાયોમાં ભક્તિના અંગોનું નિરૂપણ કરી સસાધન-સાંગભક્તિની સુદઢતાને અર્થે કરાયું છે.

**આ પ્રમાણે શ્રીવિઠ્ઠલેશ્વરપ્રભુચરણ વિરચિત** 'ગીતાર્થ સંગ્રહ'નો ભાવાનુવાદ પૂર્ણ થયો.